॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ માતા-પુત્રનો મંગળ મેળાપ ॥

આખું વિશ્વ કહે છે : 'કર્ણ, તારું જીવન એક ફાટેલું ચીંથરું હતું.' તું કહે, ગળું ફાડીને કહે કે; 'એ ચીંથરું નહોતું. એ તો જરીને તાંતણે ગૂંથ્યું એક 'રાજવસ્ત્ર' હતું. કેવળ પરિસ્થિતિની કાંટાળી વાડમાં ઉઝરડા પડીપડીને એ ચીંથરેહાલ થઈ ગયું છે.'

મારા કરતાં વધારે ઘેરી વેદના આજીવન મૂંગે મોઢે સહન કરનાર 'મા'એ મને કહ્યું; 'તું જ મારો સર્વશ્રેષ્ઠ પુત્ર છો. આવ, તારી વેદના દઈ દે અને ભેટરૂપે એકવાર મને 'માતા' કહે.' (પણ હવે મને જગતનું એક પણ દશ્ય પીગળાવી શકે એમ નહોતું.) હું ના હાલ્યો છતાંયે 'કેટલો ઊંચો ! મારાથી ય વધુ !' કહી તે મને ભેટી પડી. અને હિમાલયના ઊંચા શિખરને લજવે એવા તેમના નીચા દેહમાં રહેલા ઉત્તુંગ માતૃત્વની ઊંચાઈ જોઈ હું કૃતાર્થ થઈ ગયો.

આંખમાંથી કૃતાર્થતા-ધન્યતાનાં અશ્રુબિંદુ એમના શ્વેત કેશ પર પડી કહેતાં હતાં : 'માતા, તમારા ઉજ્જવળ કેશ જેવું જ તમારું ઉજ્જવળ જીવન છે, પવિત્ર છે. મારો ત્યાગ કર્યો તોપણ ! જગતને જે કહેવું હોય તે કહે.'

બંનેનાં આંસુથી તપ્ત રેત શીતળ થઈ. તેજના પુત્રનું એની તેજસ્વી માતા સાથે થયેલું આ પુનર્મિલન સૂર્યદેવને જણાવવા મરુભૂમિ સિવાય ત્યાં કોણ હાજર હતું ? પણ એમાંથી ગરમગરમ નીકળતી વરાળ ઊંચે, ખૂબ ઊંચે જઈ ગગનમંડળમાં મારા પિતાને જણાવવાની હતી કે, તમારા ચિરવિરહી પુત્રનો એની ચિરવિરહિણી માતા સાથે આખરે મેળાપ થયો !

**–'કર્ણની સ્વગતોક્તિ' (મૃત્યુંજય નવલકથા)**
**મૂ.લે(શિવાજી સાવંત) અનુ. પ્રતિભા દવે**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥
તા.૪ ઑક્ટો. ૧૯૮૦
(માતાજી જ્યોતિર્મયીની પુણ્યતિથિ)

## ॥ આ અંકની વિશેષતા ॥

અધ્યાત્મવિશ્વને મહાન જ્યોતિર્ધરની ભેટ ધરનાર માતુશ્રી જ્યોતિર્મયીને કોટિ કોટિ પ્રણામ !

પૂજ્યશ્રી યોગેશ્વરજીના સદા-ઉદિત પ્રકાશમાન સ્વરૂપનો

જય હો ! જય હો ! જય હો !

★

'એવી થઈ વિરલ માત સમાજમાં આ
જેણે સુનીતિમય પંથ સુપુત્રકેરો
કીધો પ્રશસ્ત અનુકૂળ રહી સદાયે,
અધાત્મરંગમય જીવન જીવવાને.'

**—શ્રી યોગેશ્વરજી**

'પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમ શાંતિ તમે પામ્યાં
જીવનનું કલ્યાણ કરીને ભવનાં બંધન ટાળ્યાં.'

**—શ્રી 'મા' સર્વેશ્વરી**



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | જીવંત જ્યોત મા જ્યોતિર્મયી | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૯ |
| ૩. | શિખર સંતપુરુષ : મહાત્મા શ્રી યોગેશ્વરજી | " | ૧૪ |
| ૪. | 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ' | ડૉ. અરુણા ઠાકર | ૧૯ |
| ૫. | શતાબ્દિપર્વ : અધ્યાત્મનું આધુનિક પર્વ | શ્રી નિશા પંડ્યા | ૨૯ |
| ૬. | અષ્ટોત્તર શત પારાયણાનિ | શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૩૪ |
| ૭. | સ્કૂટરયાત્રા : વીરાંગનાઓનું અભિયાન | શ્રી મયૂરી ટેલર | ૩૯ |
| ૮. | 'સ્વર્ગારોહણ'માં પારાયણપર્વ | શ્રી અશ્વિન કાકા | ૪૧ |
| ૯. | આધ્યાત્મિક ઉન્નતિનો મંગલ માર્ગ | શ્રી આશિષ જોશી | ૫૨ |
| ૧૦. | પ્રત્યેક ઘટના પ્રભુપ્રસાદી | શ્રીઆશિષ ગોહિલ | ૫૩ |
| ૧૧. | માનવજીવન : પ્રભુદત્ત મહામૂલી મૂડી | શ્રી ગૌતમભાઈ ભટ્ટ | ૫૩ |
| ૧૨. | ગાઉં નિત્ય ગુણાનુવાદ ગુરુ હે ! | શ્રી તારક વ્યાસ | ૫૫ |
| ૧૩. | પ્રભુના યજ્ઞકાર્યમાં નિમિત્ત બન્યાનો આનંદ | શ્રી રંજનબેન ઠાકર | ૫૬ |
| ૧૪. | સમયનો સદ્-ઉપયોગ | શ્રી અરુણભાઈ કંજારિયા | ૫૭ |
| ૧૫. | પ્રેરણાદાયક મહાગ્રંથ | શ્રી કીર્તન હળવદિયા | ૫૯ |
| ૧૬. | જગાડી દેનારું પારાયણ | શ્રી ચંદ્રકાન્તભાઈ | ૬૦ |
| ૧૭. | જ્યાં પ્રભુ ત્યાં હું | શ્રી જાગૃતિબેન | ૬૧ |
| ૧૮. | પ્રશ્નનો પ્રત્યુત્તર આપતું જીવંત પ્રસારણ | શ્રી રિદ્ધિ | ૬૨ |
| ૧૯. | પ્રભુ સતત સાથે રહ્યા | શ્રી પ્રિયંકા ત્રિવેદી | ૬૪ |

## **નિવેદન** ‘શતાબ્દીઓ આવતી રહે, પૂજ્યશ્રીને વધાવતી રહે’

જેમ ઈશ્વર માટે તેમ પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજી માટે પણ કહી શકાય : ‘He is nowhere and yet he is everywhere.’ અર્થાત્ ‘સ્વર્ગારોહણ’ના કણકણમાં વ્યાપ્ત છતાં ક્યાંય નજરે ન દેખાતા શ્રી યોગેશ્વરજી આજે સો વર્ષ પછી પણ જેટલા જીવંત છે, એટલા તો આપણે હયાત હોવા છતાં પણ નથી; અને એનું એકમાત્ર કારણ પૂજ્યશ્રી‘મા’નો અખૂટ, અસીમ, એકધારો, એકનિષ્ઠ ગુરુપ્રેમ છે.

‘સ્વર્ગારોહણ’માં પ્રવેશતાં જ નિઃશબ્દ છતાં જેનું મૌન ચારે દિશામાં મુખરિત છે, એનું ઘનીભૂત રૂપ એક ભવ્ય રેખાચિત્ર છે; એની અદબ, ગૌરવ, ગરિમા એવાં સ્વયંસિદ્ધ છે કે, પરમ ગુરુદેવ પ્રભુ આપણી સાથે, આપણી સંમુખ, આપણી વચ્ચે જીવંત-સાક્ષાત્ જ લાગે. આ સર્વ કમાલ પૂજ્યશ્રી‘મા’ના હૃદયમાં સદૈવ અદિક્ષિત એ શાશ્વત ચૈતન્યની છે.

સમગ્ર અધ્યાત્મના ઈતિહાસમાં સદ્‌ગુરુનું આવું ગૌરવ, આટલું માહાત્મ્ય કોઈ શિષ્યે પ્રાણપણે કર્યું હોવાનું ઉદાહરણ શોધ્યું નહિ મળે. સ્વયં શૂન્ય બનીને પૂર્ણત્વની પ્રતિષ્ઠા પૂ.શ્રી ‘મા’ જ કરી શકે. તેઓશ્રીના અસ્તિત્વના અંશેઅંશમાં શ્રી યોગેશ્વરજીનું જ આધિપત્ય અનુભવાય. કોઈપણ નિમિત્તે, કોઈપણ બહાને સદ્‌ગુરુશ્રીનું ગુણગાન કરવાની તક પૂ.શ્રી ‘મા’ ઝડપી જ લે છે. કાળમાં ગરકતી પ્રત્યેક ક્ષણને ઊંચકીને શાશ્વતીથી એવી મઢી લે કે, એની પાછળ ‘પૂજ્યશ્રી રાજા અને પોતે પ્રજા’ની વિનમ્રતાનો મંત્ર સતત રટાતો રહે.

‘સ્વર્ગારોહણ’માં ‘ૐ યોગેશ્વરાય નમઃ’ નિયમિત મંત્રોચ્ચારથી આંદોલિત વાયુમંડળમાં જાણે પૂજ્યશ્રી યોગેશ્વરજીના શૈશવ, કૈશોર્ય, યુવા, પુખ્ત-પ્રૌઢાવસ્થાનાં સર્વ સ્વરૂપો સ્થિર (still) થઈ રહે છે. દિવ્યતા, પવિત્રતા, સાત્ત્વિક શાંતિના મહાસાગરનાં મોજાં જાણે ઊછળી-ઊછળીને યોગતીર્થ, યોગશૈવલ્યમ સરોડાધામ ‘મા’ સર્વેશ્વરી તીર્થ, પંચદેવ જેમાં વિરાજિત છે એવી સાધનાકુટિને પખાળી રહે છે.

પૂજ્યશ્રીના પ્રેમનું એકચક્રી શાસન, સમર્પણના આ સ્થાનકમાં એવું અનુભવાય છે કે, કોઈપણ જીવનપ્રેમીનો એ અદ્‌ભુત પ્રેરણાસ્રોત બને છે. કેમકે, આ સૂર્યને ઉદય-અસ્ત નથી, એ છે કેવળ ‘સદોદિત પ્રકાશમાન’ સ્વરૂપ. જેને વધાવી આપણે જ નહિ, સ્વયં કાળ કૃતાર્થ થાય.



# ।। શ્રી યોગેશ્વરકથામૃત ।।

### **દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૯૩**

**તા. ૧૭-૨-૮૩, ગુરુવાર, ફાગણ સુદ ચોથ ૨૦૩૯ ડરબન શહેર**

સવારે સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખનનો ક્રમ બંધબારણે નિયમિત ચાલ્યા જ કરે છે. ઓરડાની બહાર સૂર્યનારાયણ તો ક્યારના આવી જાય છે, પણ પૂ.શ્રી તો પોતાના કાર્યમાં તલ્લીન બની ગયેલા હોય છે.

ભોજન બાદ બે-ત્રણ આંટા મારે છે. આ ઓરડામાંથી સીધા પણ બાગમાં પણ જઈ શકાય છે. આજે મગ ને ભાતનું ભોજન લીધું.

સાંજે શ્રી રામકૃષ્ણદેવની જન્મજયંતિ નિમિત્તે ભારત હૉલમાં પ્રવચન છે.

પૂ.શ્રીએ શ્રી રામકૃષ્ણદેવના જીવન ઉપર ગુજરાતીમાં પ્રવચન આપ્યું. પ્રવચન બાદ મારે બે ભજનો ગાવાનું બન્યું. વળી, પૂ, શ્રીએ-

રામકૃષ્ણહરિ જય જય રામકૃષ્ણહરિ !
રામકૃષ્ણહરિ જયજય રામકૃષ્ણહરિ !

—ની નવી જ ધૂન આજે ગવડાવી. તબલાં-મંજીરાં સાથે શ્રોતાઓએ ધૂન સરસ રીતે ઝીલી.

મંચ ઉપર શ્રી રામકૃષ્ણદેવ, શારદામા અને વિવેકાનંદની તસવીરો ઉપર ફૂલો ને દીવડાનો શણગાર આજે વિશિષ્ટ રીતે થયો હતો.

પ્રવચન બાદ વડોદરા શ્રી જીતુભાઈ સાથે ફોનથી વાતો થઈ.

ઉતારે આવીને, રાત્રે ૧૨ વાગ્યે આરામ કર્યો.

★

આજથી શરૂ થયેલાં પ્રવચનોની પ્રચાર-પત્રિકા વિગતપૂર્ણ હતી. તેમાં શ્રી રામકૃષ્ણદેવ પરમહંસ અને પૂ.શ્રી યોગેશ્વરજીની પ્રભાવક તસવીરો પણ છપાઈ હતી.

★

**તા. ૧૮-૨-૮૩, શુક્રવાર, ફાગણ સુદ પાંચમ ૨૦૩૯ ડરબન શહેર**

લેખન બાદ મંત્રજપ કરતાં કરતાં પૂ.શ્રી થોડો આરામ કરે છે.

ભોજન બાદ આ જ ઓરડામાંથી બહાર જવાના માર્ગે પૂ.શ્રી બહાર બાગમાં જાય છે. ત્યાં ત્રીસેક આંટા મારે છે. હું પણ શારદામણિદેવીનું પુસ્તક લઈને ત્યાં જાઉં છું.

રામાલ શારદામણિદેવીની ૧૦૮ કમળો ચઢાવીને પૂજા કરે છે એ પ્રસંગ મેં કહ્યો ત્યારે પૂ.શ્રીએ માતાજી જ્યોતિર્મયીનું સ્મરણ કરતાં કરતાં તેમના ભવ્ય ને ત્યાગમય જીવનને અંજલિ આપી.

શ્રી સુરત હિન્દુ એસોસિએશન અને શ્રી સંત પુનિત સેવા સંઘ, ડરબન, સાઉથ આફ્રિકા યોજે છે....

**પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીનું**

**શ્રી રામકૃષ્ણ પરમહંસની ૧૪૮મી જન્મજયંતી મહોત્સવ નિમિત્તે ભક્તિરસથી તરબોળ પ્રવચન**

શુભ દિવસ : ગુરુવાર-શુક્રવાર, તા. ૧૭-૧૮ ફેબ્રુઆરી, ૧૯૮૩. સમય : સાંજે ૭-૩૦ વાગ્યે

સ્થળ : ભારત હૉલ, ૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન, નાટાલ

★

**ત્યારબાદ શ્રી પૂજ્ય યોગેશ્વરજીની જ્ઞાનગંગાનો કાર્યક્રમ:**

| તારીખ | વાર | સમય | સ્થળ | વિષય |
|---|---|---|---|---|
| ૧૯-૨-૮૩ | શનિવાર | સાંજે ૪-૦૦ | શ્રી રામકૃષ્ણ સૅન્ટર, અવોકા | શ્રી રામકૃષ્ણ પરમહંસ |
| ૨૦-૨-૮૩ | રવિવાર | સાંજે ૪-૦૦ | શ્રી રામકૃષ્ણ સૅન્ટર ૨૭/૨૯ અબીલ્યા રોડ, એસેવીલ | શ્રી રામકૃષ્ણ પરમહંસ |
| ૨૦-૨-૮૩ | રવિવાર | સાંજે ૬-૩૦ | ડિવાઈન લાઈફ સોસાયટી, રિઝર્વોર હીલ્સ | ગીતા ઉપર પ્રવચન |
| ૨૧-૨-૮૩ | સોમવાર | સાંજે ૭.૩૦ | હિન્દુ સેવા સમાજ, રિઝર્વોર હીલ્સ | શ્રી રામાયણ |
| ૨૨-૨-૮૩ | મંગળવાર | " | " " " | " |
| ૨૩-૨-૮૩ | બુધવાર | " | " " " | " |
| ૨૪-૨-૮૩ | ગુરુવાર | " | " " " | " |
| ૨૫-૨-૮૩ | શુક્રવાર | " | શ્રી ભારત હોલ, ડરબન | શ્રી ભક્તિપ્રબોધ પ્રવચનો |
| ૨૬-૨-૮૩ | શનિવાર | " | " " " | " |
| ૨૭-૨-૮૩ | રવિવાર | સવારે ૧૦.૩૦ | શ્રી રામકૃષ્ણ સૅન્ટર, અવોકા | ધર્મની એકતા |
| ૨૭-૨-૮૩ | રવિવાર | સાંજે ૭.૩૦ | શ્રી ભારત હોલ, ડરબન | શ્રી ભક્તિપ્રબોધ પ્રવચનો |
| ૨૮-૨-૮૩ | સોમવાર | સાંજે ૭.૩૦ | " " " | " |



કલિયુગમાં સંસારના દુઃખમાંથી મુક્તિ પામવા અને મનુષ્યજીવનનું સાફલ્ય કરવા—પ્રભુ નામ-સ્મરણ, કીર્તન અને સંત-સમાગમ સિવાય છૂટકો નથી. એ ધ્યાનમાં રાખી આ પૂજ્ય શ્રી સંત મહાત્મા પ્રભુકૃપાથી અત્રે આવ્યા છે તો તે બને તેટલું આપણું જીવન-સાફલ્ય કરવાના માર્ગમાં તેઓશ્રીની ઉપયોગી અનુભવ-વાણી સાંભળવા ઉપરોક્ત સંસ્થાઓ આ સર્વ કાર્યક્રમોમાં સમયસર પધારવા આમંત્રણ પાઠવે છે.

★

સાંજે ભારત હૉલમાં આજે પણ 'શ્રી રામકૃષ્ણદેવ' ઉપર પ્રવચન હતું. હૉલના વિશાળ મંચ ઉપર અમારી બેઠક હતી. ત્યાં સામે જ એક ખૂણામાં શ્રી રામકૃષ્ણદેવની તસવીર હતી. ગઈ કાલની જેમ જ દીવડાનો શણગાર હતો. પ્રસાદ પણ ગઈ કાલની જેમ જ મોહનથાળનો જ હતો. અહીં પ્રસાદ નાની નાની કોથળીઓમાં બંધ કરીને આપવામાં આવે છે.

આજે મારાં ભજનોની કેસેટ વેચાણ માટે પ્રથમવાર મૂકવામાં આવી. વીસ કેસેટો મૂકી હતી તે બધી તરત જ વેચાઈ ગઈ. જનતાને ભજનો ગમે છે તેનું એ પ્રમાણ છે.

શ્રી રામકૃષ્ણદેવના જીવન ને કાર્ય ઉપર સમજ આપતું વિશદ પ્રવચન પૂ.શ્રીએ આપ્યું.

રાત્રે અગિયાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. પછી આરામ કર્યો.

**હરિઃ ૐ**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ જીવંત જ્યોત મા જ્યોતિર્મયી ॥

રોજ રોજ મંત્રગાનમાં જીવંત બનતા કુટિયાના પંચદેવોમાં વિરાજતાં સૌનાં પૂજાપાત્ર એ આપણાં 'મા જ્યોતિર્મયી !' 'લીલામૃત'માં શ્રી શ્રી 'મા' લખે છે : કે; 'સંતને તો સહુ કોઈ પિછાણે પણ સંતજનનીને કોણ ઓળખે ? આપણા આદર્શ માતૃભક્ત પૂ.શ્રી પ્રભુએ એ માતાની માત્ર ઓળખ ન કરાવી, પણ જગમંચે પ્રગટાવી દીધાં ! પૂજાને પાત્ર બનાવી દીધાં.'

કોઈપણ વ્યક્તિ પૂજાપાત્ર ક્યારે બને ? તેના પાયામાં ત્યાગ હોય, તપસ્યા હોય, વૈરાગ્ય હોય, અસાધારણ અપાયેલો ભોગ હોય અને તે છતાં ન તેનું ગૌરવ હોય કે ન તેનાં ગાજાંવાજાં ! અને એ અગ્નિને જીરવી પ્રસન્નતાની ફૂલવાડી રચી હોય એવાં ઉત્કૃષ્ટ માનવી હોય !

સંતજગતમાં એવું કહેવાય કે; કોઈ સંન્યાસ ત્યારે જ લઈ શકે જ્યારે તે પોતાની રડતી માને મૂકીને જઈ શકે. પૂ.શ્રી માટે એ પ્રસંગ ન આવ્યો. માતાએ હાર પહેરાવી પ્રભુમાર્ગે મોકલ્યા. આ આ જનનીની વિશેષતા. તે ઉપરાંત ૨૫ વર્ષની નાની વયમાં વૈધવ્ય અને પોતાના આધારસ્તંભ એવા પુત્રને એ માર્ગે મોકલવા કે જયાં અનિશ્ચિતતા જ પ્રર્વતતી હતી પણ ઈશ્વર પર ભરોસો રાખી એ માતાએ પોતાના વહાલા બાળને એ કાંટાળી કેડી પર ચાલવા માટે પ્રોત્સાહન આપ્યું. પોતાનો સ્વાર્થ આડે ન આવવા દીધો. પુત્રને એનો મનગમતો રાહ પકડવા દીધો.

યુવાનીમાં ગરીબાઈનું ગ્રહણ, વૈધવ્ય અને ભાઈ સિવાય કોઈનો પણ આશરો નહીં. મધ્યકાલીન યુગમાં બ્રાહ્મણ વિધવાઓનું જે જીવન હોય તે માતાજીનું હતું. શ્વસુરપક્ષ છેક જ વિરોધી હતો પણ થોડી જમીન હતી અને ઘર હતું એ બે બળ પર માતાજીએ પ્રભુની તપશ્ચર્યાનો સમય વિતાવી દીધો. થોડા



દિવસો જીવનનિર્વાહ માટે રસોઈની નોકરી કરી અને સાકુંબાની વિદાય પછી પૂ.શ્રીનો સહવાસ તેમને સાંપડ્યો. ત્યાં પણ દેવપ્રયાગનો નિવાસ કઠિન હતો પણ ત્યારપછી તેમના જીવનમાં સુખનો સૂરજ ઉગ્યો. પૂ.શ્રીની સંનિધિ મળી. સાધના કરવાનું સુખ મળ્યું અને જીવનમાં થોડી હળવાશ આવી.

જ્યોતિર્મયી માતા સાથેનું મારું પહેલું સંસ્મરણ અમારી મુંબઈની રૂમ કુંભારટુકડાનું છે. ૧૦×૧૬ની નાનકડી રૂમ ! એમાં એકબાજુ પૂ.શ્રીની પથારી બીજી બાજુ માતાજી અને અમ બે બહેનો વચ્ચે ચાલવાની જગ્યા. અમે સવારે આંખ ઉઘાડીએ ત્યારે સૂતાં હોઈએ ત્યાંથી બીજી જગ્યાએ હોઈએ પણ જોઈએ તો માતાજી ભગવાનના મંદિર પાસે નીચે બેસીને માળા પૂજા કરતાં હોય અથવા ષણમુખી મુદ્રા કરતાં હોય પછી રસોડામાં મદદ કરતાં હોય બપોર પછી ધાર્મિક પુસ્તકનું વાંચન કરી ફરવા જતાં હોય.

મુંબઈથી કાકાની બદલી મહેસાણા થઈ મુંબઈના સાંકડા નિવાસ પછી મહેસાણાનું વિશાળ ઘર, ગાડી, ફોન બધી સુવિધાઓથી ખૂબ પ્રસન્ન થતાં અને ખૂબ આનંદથી અમે પ્રસન્નતાથી જીવતાં એટલે તો મહેસાણાના '૫૪ થી '૫૮ના નિવાસ દરમ્યાન તેઓ ત્રણ વાર પધાર્યાં.

મહેસાણામાં પણ દિનચર્યા મુંબઈ જેવી જ હતી પૂજાપાઠ પછી જીજીને શાક સુધારી આપી, રોટલીને ઘી ચોપડતાં અને અમારા બધાંનાં ભાણાં કરી આપતાં બધાંનો પ્રસાદમાં ભાગ પાડતાં. હાથ ધોઈને જ માટલાને અડવાનું એ સંસ્કાર જીજીએ આપેલા પણ માતાજીએ દઢીભૂત કર્યા.

માતાજી ખૂબ પ્રેમાળ અમને ખૂબ પ્રેમ કરતાં નવી નવી પ્રાર્થનાઓ પણ શીખવતાં. 'જય જગદીશ હરે'ની આરતી અને

'સહુનું કરો કલ્યાણ દયાળું પ્રભુ'એ માતાજીએ જ શીખવેલું.

દરેક કામમાં ખૂબ ચોક્કસ. પૂ.શ્રીનાં વસ્ત્રોની ગડી વાળવાની છૂટ માત્ર માતાજીને જ હતી. ખૂબ ઘસી ઘસી ઈસ્ત્રી કર્યાં હોય એવી રીતે ગડી વાળતાં. પછી ઓશીકા નીચે મૂકતાં. પોતાના વસ્ત્રોની પણ ખૂબ કાળજી રાખતા. ગળી કર્યા વગરનાં ઝાંખાં વસ્ત્રો તેમને ગમતાં નહીં.

રસોઈ કરતી વખતે વાસણ પરનું ઢાંકણ ઊંધું જ મૂકવાનું કારણ તે વરાળવાળું હોય તો તેને કચરો ચોંટે આવી નાની નાની ઘણી વાતો શીખવતાં.

વેકેશનમાં એ આવે ત્યારે પોતાની સાથે તારાબહેનનાં બાળકોને લાવતાં. અમારી અને એમની વચ્ચે વેરો-આંતરો કદી ન કરતાં. ક્યારેક બાળસહજ થતી લડાઈઓમાં આપણને સમજાવતાં. 'તે મહેમાન છે, આપણે તેમને જે જોઈએ તે આપવાનું પછી તો આપણું જ છે ને !' અમે સહુ માની જતાં.

જ્યાં જાય ત્યાંથી અમારે માટે કંઈને કંઈ લાવતાં જ. રામેશ્વરથી સુંદર મજાના કોડા. નાનકડી ઢાંકણવાળી ટોપલી, મસૂરીથી આવતાં બંગડીની રમત નાની સ્ટોન જડેલી ડબ્બી, ફરતાં રમકડાં અને છેલ્લે પરદેશથી આવ્યાં ત્યારે બે છરી પણ લાવેલાં.

તે બદ્રીનાથની યાત્રાની ને ત્યાંથી પ્રજાની ગરીબાઈની વાતો કરતાં. ત્યાં લઈ જવા સોયદોરો મંગાવતા તો વિદેશની વાતો કરતાં કહેતા; 'ત્યાંના જીવનમાં કંઈ સાર નહીં. એકવાર જમવાનું. દોડદોડ કરવાની, જાડાં જાડાં કપડાં પહેરવાનાં. શાંતિ જેવું કંઈ મળે જ નહીં. લોકોને ખોટો મોહ.'

દેવપ્રયાગમાં દૂધ લેવાની કેવી મુશ્કેલી કે ઘાટ પર નાહવાનું કેવું અઘરું તેની વાત કરતાં. કોઈપણ બહેન રસોઈની નોકરી કરતી જો સત્સંગમાં આવે તો તેની માટે તેમને ખૂબ સહાનુભૂતિ



રહેતી પોતાના દિવસો યાદ કરતાં. માત્ર ભાઈને ભારરૂપ ન બનાય અને થોડો હાથ છૂટો રહે માટે ૨૫ રૂ.માં બે ટાઈમ રસોઈ બનાવવા જતાં. તે લોકો કદી તાજું ખાવાનું ન આપતાં તેવી વાત કહેતાં. સવારનું સાંજે, સાંજનું સવારે !

આ કષ્ટમય જીવન છતાં, માતાજીની ભાષા ખૂબ મધુર હતી. 'પ્રેમી ભાઈ' કે પૂ.શ્રી માટે 'દેવસ્વરૂપ ભાઈ' એવાં વિશેષણ વાપરતાં મારા બાળમાનસને તેઓ મહાત્માજીને 'તમે' કહેતા અને મહાત્માજી 'માતાજી' કહેતા તે વાત ક્યારેય ન સમજાતી પણ પૂછાણી પણ નહીં.

તારાબેનને ત્યાં જનોઈપ્રસંગે કાકાએ મામા તરીકેનો વ્યવહાર કર્યો તે માટે કેટલીય વાર હે બેન ! આવું કોણ કરે ! કહી, આંખમાં આંસુ પણ લાવતાં.

ખૂબ વ્યવહારુ ! જતાં જતાં કામવાળાને પૈસા આપવાનું કદી ન ચૂકતાં અને આપણને પણ જ્યાં જરૂર પડે તો વ્યવહાર શીખવતાં. કૃણાલની જનોઈનો પણ તેઓએ વ્યવહાર કર્યો હતો.

જામનગરમાં કાકા ટુર પર જાય તો મને તેમની પાસે સૂવાનો લહાવો મળતો. રાત્રે પેશાબની વારે વારે તકલીફ ડાયાબિટિક હોવાને લીધે થતી. હું એક બૂમે ઉઠી જતી તેથી પ્રસન્નતા વ્યક્ત કરતાં. મુંબઈમાં લગ્ન થયાં તેથી પ્રભુ જ્યારે પધારે ત્યારે તેમના દર્શનનો લાભ મળતો. લગભગ તેમનો ચોપાટીનો નિવાસ મારા ઘરની નજીક હતો તેથી હું રોજ જતી પણ કોઈવાર બે ત્રણ દિવસ ન જવાય તો બધો પ્રસાદ ભેગો કરી રાખતાં.

પ્રભુનો ઉતારો પ્રેમકુટિરમાં હતો ત્યારે મારાં બે બાળકો ખૂબ નાનાં હતાં મને પૂ.શ્રીનો લાભ મળે તે માટે બંને બાળકોને સાચવતાં. પછી કહેતાં નાનાં છોકરાઓને સાચવો અને સાપને સાચવો બરાબર !

એકવાર તેમને પેરાલિસિસનો ઍટેક આવ્યો. પૂ.શ્રીએ તેમની ખૂબ ચાકરી કરી તે વાત યાદ કરી તેમની આંખમાં વારેવારે પાણી આવી જતાં.

પૂ.શ્રીનું માન-સન્માન અને પ્રવચનની મેદની જોઈ તેમને ખૂબ આનંદ થતો અને એમનો એ અવાજનો રણકાર આજે પણ કાનમાં સંભળાય છે.

દેશ-વિદેશ ગમે ત્યાં જતાં પણ તેમને સરોડા ખૂબ ગમતું. ગમે તેવા વૈભવશાળી ઉતારાથી પણ તેઓ કદી પ્રભાવિત ન થતાં એ બાબતમાં તેઓ સ્થિતપ્રજ્ઞ હતાં.

પૂ.શ્રી પણ તેમના પૂર્વજીવનની કઠિણાઈને લક્ષમાં લઈ કદી તેમને તકલીફ ન પડે તેનું ખૂબ ધ્યાન રાખતાં.

નડિયાદથી સરોડા ખૂબ નજીક હતું. તેઓ ત્યારે એકલા જતાં. હું અને મારા કાકા હંમેશાં તેમને બસમાં બેસાડવા જતાં. હું અને માતાજી સરોડાના ઘર માટે નાનીમોટી ખરીદી પણ કરતાં.

અમારે માટે અમારાં તેઓશ્રી 'વહાલસોયાં દાદી' હતાં. બિંદુની વિદાયના સમાચાર જ્યારે ભરતકુમારે આપ્યા તો માતાજી ચક્કર ખાઈને મૂર્છિત થઈ ગયેલાં. અને મારી જીજીને મળ્યા ત્યારે તેને છાતીસરસી ચાંપી ખૂબ રડેલાં. અમે સહુ અમારી નાની કે દાદી સાથે જીવ્યા એના કરતાં જ્યોતિર્મયી મા સાથે વધુ જીવ્યાં એમ કહો કે નાનપણ એમની છત્રછાયામાં જ ગયું આજે પણ તેમનું સ્મરણ રડાવી જાય છે.

હે તપસ્વી માતા, હે ત્યાગની મૂર્તિ હે પવિત્રતાની દેવી, હે કરુણામૂર્તિ માતા, આપનાં ચરણે અગણિત વંદન હો ! વંદન હો ! વંદન હો !

**–શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી**



## ॥ શિખર સંતપુરુષ : મહાત્મા શ્રીયોગેશ્વરજી ॥

શિખર મંદિરને હોય ! શિખર પર્વતને હોય ! પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ, એ રીતે જ આ દેહમંદિરને દેવમંદિર બનાવવા માટેના અથાગ પ્રયત્નો, ખૂબ કપરા સાધના વ્રત-તપનો અભ્યાસ કર્યો. અરે ! જંગલ જઈ જોગી બન્યા. વનવાસ કહેવાય તેવો એકાંતવાસ. જ્યાં અન્ન, વસ્ત્ર, ઓટલો નહીં, પાણી અને આબોહવાની પ્રતિકૂળતા. છતાં આ બધાં વચ્ચે સમજપૂર્વક ધ્યેયનિષ્ઠ લક્ષ્યસાધના કરી. નિદ્રાને પણ સાત-સાત વર્ષ સુધી પરહરી દીધી. પ્રાર્થનાઓના ઢગ પ્રગટાવી દીધા. હિમાલયનિવાસી સંતે જાણે સાધનામાં પણ હિમાલય સર્જી દીધો !

'જનની જણ તું ભક્ત જણ કાં દાતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર.'

લોકસાહિત્યે માતાને કરેલો પડકાર જાણે જ્યોતિર્મયી માતાએ ઝીલી લીધો અને ગુણોના ભંડાર એવા યોગેશ્વરજીએ માતાના માતૃત્વને ઉજાળી દીધું. અદ્‌ભુત અને અનન્ય ગુણોનું જીવનમાં પ્રાગટ્ય જ નહીં અપિતુ સર્વશ્રેષ્ઠ રીતે આચરણ કરી શિખરો સર કર્યાં. સંતપુરુષોમાં જવલ્લે જ જોવા મળતી ગુણવત્તાઓએ તેમને શિખર સંતપુરુષ બનાવી દીધા.

આજીવન ગંગામૈયાને ખૂબ પ્રેમ કર્યો. માત્ર ગંગાતટે નિવાસ જ ન કર્યો, જીવન જ ગંગા જેવું પાવન કરી દીધું. એ જ નિર્મળતા, પ્રવાહિતા, શીતળતા, એ પવિત્રતા આ દેહરૂપી ગંગામાં ઉતારી દીધાં. ગંગાને ગૌરવ દીધું.

સવિશેષ રીતે સાધના અને તેની સ્થળ, સમય અને તારીખ

સાથેની નોંધો એ તેમની વિશેષતા. એમની સાધના માટે તેમની સ્વયંની જ અનુભૂતિ અને દર્શનના સ્વયં જ સાક્ષી ! કોઈ પરાવલંબન પણ નહીં. સાધનાની આવી તવારીખતા ભાગ્યે જ જોવા મળે. એ સર્વની સહજ, સરળ રજૂઆત આધ્યાત્મિક જગતમાં એક નવી ભાત પાડે. સમાધિપ્રાપ્તિ હોય કે અસંખ્ય દર્શનો તેનું તટસ્થતાથી સાક્ષીભાવે મૂલ્યાંકન ! એ કોઈ ભ્રાંત દર્શન નથી તેની ખાતરી કરાવે. અનુગામી થનાર આચરનારને તે માર્ગે ચાલવા એક સરળતા ધરી દે.

સાધના અનેક સંતોએ કરી, સિદ્ધાવસ્થા પણ પ્રાપ્ત કરી પણ જનસમાજને આટલી સરળ રીતે તેની પ્રાપ્તિ ન થઈ. અગમ-નિગમનાં રહસ્યો અપ્રગટ જ રહી ગયાં. જેને લીધે કેટલીક સાધનાઓ લુપ્ત થઈ ગઈ, તો આ મહાપુરુષે સમાજને એક નવલું નજરાણું ધરી દીધું. 'પ્રાર્થના જ સાધના છે' તે જીવનમાં ચરિતાર્થ કરી દીધું.

જીવનમાં અનેક સંતપુરુષોને મળ્યા. ક્યારેક તેમની મદદ પણ મળી. પણ આ સીધાં ચઢાણો આત્માને જ સંગે લઈને સ્વયં ચઢ્યા. કોઈ આશ્રમો અને કોઈ સદ્‌ગુરુની સીધી મદદ વગર આ માર્ગનું ખેડાણ ખૂબ કપરું હોય છે. પણ તેમણે માત્ર ખેડીને જ ન બતાવ્યું. તેમાં સર્વોપરિતા પ્રાપ્ત કરી.

બાળપણથી જ મળેલી નિર્ભયતા, ખૂબ નાની વયથી અગાસીમાં ભૂતનો ડર રાખ્યા વગર સૂવું. બદ્રીનાથ મંદિરમાં પ્રસાદની વિષમ વહેંચણી માટે જાહેર વિરોધ પ્રદર્શિત કરવો. શિક્ષણજગત કે બાલાશ્રમો જોડે અનાથાશ્રમોમાં પણ પ્રવર્તતી વિકૃતિઓ વિષે અંગુલિનિર્દેશ કરી તેના સુધાર માટેના માર્ગ પણ બતાવ્યા છે. રાજકારણ હોય, સમાજ હોય કે સંતસમાજ હોય



ત્યાં ખોટી વસ્તુ સામે તેમણે લાલબત્તી ધરી જ છે. અજાણ્યા પ્રદેશમાં એકલા હાથે સત્યનો નિર્દેશ કરવા તે આત્માના ઓજસનાં દર્શન કરાવે છે. ગીતાના સોળમા અધ્યાયમાં 'અભયત્વ'નું વર્ણન છે. તેને સત્ત્વશીલતા અને સંશુદ્ધિ ધરી સિદ્ધ કરી બતાવ્યું.

આ બધું ત્યારે જ થાય જ્યારે વ્યક્તિ નિર્લોભ હોય. ભક્તો કે સાધકો તરફથી મળેલી લક્ષ્મીને 'ગૃહસ્થાશ્રમમાં તેની વધુ જરૂર' કહી પરત કરી દેનારા સંતો તમને ક્યાં મળે ? પુસ્તકોની રૉયલ્ટી પણ તેમણે સમાજને ધરી દીધી. એ દઢ મનોબળ આ મહાપુરુષને સહજ હતું. બહુ જ અલ્પ સાધનોથી સાદગીભરેલું જીવન. 'જેણે 'સાદાઈ' અપનાવી તે જંગ જીતી જાય' તે સાબિત કરી બતાવ્યું.

રાય તથા રંકનો કોઈ ભેદ નહીં. સરીલાનરેશ અને ઘનશ્યામદાસ પોદ્દારના મહેમાન થનાર આ મહાત્મા નારાયણભાઈ જાની અને વિઠ્ઠલ પંડ્યા કે એવા અનેક સામાન્ય સદ્‌ગૃહસ્થોના મહેમાન થઈને પણ રહ્યા. સાદી રહેણી-કરણી. વિશેષ સગવડોની કોઈ અપેક્ષા નહીં, યજમાન પરિવારને પૂરી અનુકૂળતા એવું આપણને ભાગ્યે જ જોવા મળે.

તીવ્ર વૈરાગ્ય છતાં નિરસતા કે નિરાશા નહીં. ઉત્તમ વિવેકબુદ્ધિ. આ મહાપુરુષ ક્યાંય લેપાયા જ નહીં. 'સુવર્ણની ખાણો જોવા કરતાં અંદરની જ ખાણોને જુઓ,' કેવી ઊંડી સમજ ! બાહ્ય જગતની, વિષયવસ્તુઓ પરત્વેની કેવી ઉપરામતા !

સાહિત્યસર્જન એ જનસમાજનું ઋણ વાળવાની પ્રક્રિયા એ સમજ ક્યાં જોવા મળે ? સર્વોત્તમ સાહિત્યના બધા જ પ્રકારોનું ખેડાણ અને તેમાં પણ પ્રભુત્વ. અનુવાદો તો એટલા સહજ કે તે

અનુવાદ જેવા લાગે જ નહીં. શાસ્ત્રોનું મૌલિક અને બુદ્ધિગમ્ય અર્થઘટન, ઉપનિષદ કે બ્રહ્મસૂત્ર જેવા કઠિન ગ્રંથોને પણ સુભોગ્ય બનાવે. પ્રશ્નોત્તરી દ્વારા સાધકોના મનના સમાધાનના ગ્રંથસંપુટો, અનેક દેવી-દેવતાઓની રચેલી ભાવવાહી સ્તુતિઓ તો તેમને ઉત્તમ સર્જકની શ્રેણીમાં મૂકી દે.

પ્રવચનો દ્વારા પણ ઉત્તમ સમાજસેવા. કોઈ પણ વિષયની સ્પષ્ટ છણાવટ અને પોતાના મનઅંતરે તેની સ્પષ્ટતાના લીધે શ્રોતાને હૃદયસોંસરી ઉતારી દે. યોગદર્શન જેવા વિષયને પણ સહજ બનાવી દે. પ્રવચન માટેની સમયની કટિબદ્ધતા ને ગુણવત્તામાં ક્યાંય સમાધાન નહીં.

અનેક સાધનાશિબિરોથી સાધકોનું ઘડતર કર્યું.

સમય એ ઈશ્વરે આપેલું અમૂલ્ય ધન છે. તેનો વેડફાટ થાય જ નહીં. યુવાની જ સાધના માટેનો શ્રેષ્ઠ સમય, તેની મહત્તા સમજાવી.

યાત્રા, તીર્થયાત્રા ને પ્રવાસો નહીં પણ જીવનયાત્રાને લાભાન્વિત કરે તેવી સ્પષ્ટ અને સહજ સમજ. તીર્થસ્થાનોને તેનું આગવું મહત્ત્વ ધરે. તેઓશ્રીના સંસ્પર્શથી તીર્થોત્તમ બને દેશ-વિદેશની યાત્રાઓમાં જીવંત મનુષ્યો જ નહીં, પણ સૂક્ષ્મજીવોનો પણ ઉદ્ધાર કરે. બધે જ અપરિગ્રહતાનો નિયમ એમનું ઉત્તમ ચરિત્ર દર્શાવે.

'જીવતા દેવને સેવો'એ સંવેદના અને સહૃદયતાની ચરમ સીમા છે. માનવજીવનનું મૂલ્ય અને માહાત્મ્ય પણ આ મહાપુરુષના મનઅંતરે છે. જનસમાજને ધરેલી એમની સર્વોત્તમ સિદ્ધિ તે પૂજ્ય 'મા'.



જેને જપ્યા, જેને માટે તપ્યા તે જગદંબાનું પ્રાગટ્યીકરણ પણ થઈ શકે તે નવી સંકલ્પના તેમણે માત્ર જગાડી જ નહીં તેને પ્રગટ પણ કરી બતાવી. 'મા' સર્વેશ્વરીનું અવતરણ તેમની કઠિન સાધનાની જ ફળશ્રુતિ છે. તે જગદંબાની સદેહે સંનિધિ પામ્યા અને તેને માણી.

સમગ્ર જીવન જગદંબાની આજ્ઞા અનુસાર જ જીવ્યા, તે જગદંબા પરની તેમની અતૂટ અને અખૂટ શ્રદ્ધા દર્શાવે છે.

ગ્રંથોના ગ્રંથો લખાય તેવી મહાનતા, તેવું જીવન, તેવી નમ્રતા આપણા શીશને નમવાની ફરજ પડે છે. હે પ્રભુ, આપ કૃપાસિંધુ છો. આપ જેવું સ્વરૂપ પૃથ્વીપટે 'ન ભૂતો ન ભવિષ્યતિ' આદર્શ અને ઉત્તમ વ્યક્તિત્વ. રામ અને કૃષ્ણના સમન્વય સમું જીવન. તેમના સિદ્ધાંતો અને વ્યવહારકુશળતા વિરલ વિરલ ને વિરલ !

એ પ્રભુની વિશેષતાને વંદન થયા જ કરે છે. આપણો દેહ જાણે પ્રત્યેક રોમમાં દીવા પ્રગટાવી એ પ્રગટ પ્રભુની આરતી ઉતાર્યા જ કરે છે. રિદ્ધિસિદ્ધિના દાતા એ મહાપુરુષના ચરણે તેમના ગુણોના અંશોની પ્રાર્થના કરતાં રહીએ.

ઉત્તુંગ શિખરના હે ભાગ્યવિધાતા ! આપનો જય હો ! જય હો ! જય હો !

—શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી

'I disown all except my God.'

## ॥ 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ' ॥

['સ્વર્ગારોહણ'નું વિશાળ આકાશ હોય, એમાં સૂર્યરૂપે સોહતા પરમપૂજ્ય શ્રી યોગેશ્વરજી હોય, તેઓશ્રીને પોંખવા સદા ઉત્સુક એવાં પૂજ્યશ્રી'મા' સૂર્યપ્રકાશરૂપે પ્રસરેલાં હોય. ચોતરફ મંદ તેજ રેલાવતા તારલાઓરૂપે ભક્તજનો હોય. સમાંતરે જ વિજ્ઞાનની અવનવી કરામતોથી હજાર-હજાર દીવડાઓ, દીપમાળાઓ, તોરણોના પ્રકાશથી ઝગમગ થતો તેજમંડપ હોય ત્યારે એ ભવ્યોજ્જવલ દૃશ્યનો સાક્ષી સહજભાવે 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ' એવો ઉદ્‌ગાર કરી રહે.

સાથે જ એ વિરાટ ચૈતન્યનો ઝળહળાટ બહારથી જ આપણને આંજી નાખી અટકી ન જાય, આપણું ભીતરનું અંધારું નિર્મૂળ કરી, આપણા અંતરને અજવાળી ઝળહળતું કરી મૂકે એવા આશીર્વાદથી શતાબ્દીપર્વનું સમાપન કરુણામયી 'મા' સિવાય કોણ કરે ? તો પ્રસ્તુત છે આપણાં 'પરમ પ્રેમમયી 'મા'નાં અમૃતવચનો' એક પ્રેમીભક્તની કલમ.]

પંદરમી ઑગસ્ટની પૂર્વરાત્રિએ (ગરબા રમવા ઉત્સુક ભક્તબાલિકાઓ વચ્ચે) પૂ.શ્રી'મા' પધારે છે. સર્વત્ર શાંતિ અને પ્રસન્નતા છવાય છે. પૂ.શ્રી'મા'ની લેખિની પ્રવાહિત થાય છે- શતાબ્દી પર્વે સો કલાક જાગરણ કે સો કલાક ગરબા કોને કોને કરવા છે ?

અમે તો અહીં દોઢ વરસથી દશરથાચલ જેવી શાંતિમાં જીવતા હતા. આજે જાણે બજારમાં આવ્યાં.

આવતીકાલે સાત કલાક પારાયણ માટે કોણ તૈયાર છે ?



જાતને જ પૂછી લો. દેખાદેખીથી આંગળી ઊંચી ના કરતા.

આ ધરતીનું કણ કણ જાણે આજે ઝંકૃત થઈ ઊઠ્યું છે. આપણા દરેકનું વ્યક્તિત્વ પણ એવું જ ઝંકૃત કરવાનું છે.

આ રોશની તો બહારની છે. અંદરની રોશનીનું શું ? શતાબ્દીવર્ષ આવતીકાલથી પ્રારંભ પામશે. દરેક જાગે કંઈક કરે તો જ કંઈક પામશો. આવતીકાલની સવારની વંદનામાં સૌએ ખેસ ધારણ કરવાનો છે.

આજે શ્રી નારાયણભાઈ-શ્રી સરસ્વતીબેન ભાવનગર તરફથી પ્રસાદ મળવાનો છે. એ હોત તો શતાબ્દીનો મુગટ એમનાં મસ્તકે હોત ! દરેક પોતાનો અભિનય ભજવીને મંચ પરથી સલામી ભરતા રહે છે.

બે દિવસથી 'આ દિવસો પણ ચાલ્યા જશે' એ આપણી જયુબેન ખૂબ સરસ રીતે રજૂ કરી રહ્યાં છે. જગાડતું એ વાક્ય સૌએ યાદ રાખવાનું છે.

આવતીકાલે કાર્યક્રમ પૂરો થાય પછી એક કલાક 'સ્વર્ગારોહણ'ને આપજો. 'સ્વર્ગારોહણ'ની આ ધરતી પર વ્યક્તિગત સાધના, નિયમો લઈને તે નિયમો એક કલાક પાળીને પછી જ 'સ્વર્ગારોહણ' છોડજો. જેને સાધના કરવા રહેવું જ છે તે તો અહીં રહેશે જ. જેને જવું છે તે એક કલાક વ્યક્તિગત સાધના કરીને પછી જ જાય.

સાધના માટે જે ગમે તે પાઠ, પ્રદક્ષિણા, પ્રણામ, મૌન...એક કલાક સાધના કરી પછી જ 'સ્વર્ગારોહણ' છોડવાનું છે.

એક કલાક પ્રભુને પ્રસન્ન કરીને પછી જ જવાનું છે. હવે તમે જ્યાં બેઠાં છો ત્યાં જ જાની પરિવારનાં બાળકો આપને

પ્રસાદ આપશે. શતાબ્દીપર્વે હે ભૂદેવો સાંભળો, જેને જેને પીતાંબરી નથી મળી તે ઊભા થાય. શ્રી મુન્નીબેન ઊભાં થઈને ભૂદેવોને પીતાંબરી અર્પણ કરશે. (જાની પરિવારનાં બાળકોને પ્રસાદવિતરણ માટે ઊભા થવામાં વિલંબ થતાં પૂ.શ્રી'મા' કહે છે-જાની પરિવારનાં બાળકો ના હોય તો અમે પ્રસાદનું વિતરણ કરીએ ?) પ્રસાદવિતરણ જાની પરિવારનાં બાળકો ઉત્સાહભેર કરે છે.

પૂ.શ્રી'મા' : સવારે છ વાગે કાર્યક્રમની શરૂઆત થશે. વીસ મિનિટ ધ્યાન પછી વંદના.

(પધારેલા સહુ ભક્તગણ રાત્રિની પ્રાર્થના 'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે કોટિ પ્રણામ કરું આજે રે...' ગવાય છે અને બધાં છૂટા પડે છે.)

આજે પૃથ્વી પર અનેરો મહિમાવંત દિન છે. રાષ્ટ્રનો મુક્તિદિન (આઝાદીપર્વ) અને અનન્ય રાષ્ટ્રભક્ત પ.પૂ.મહાત્મા યોગેશ્વરજીનો પ્રાગટ્યદિન. સૃષ્ટિના કલ્યાણકર્તા એ આશુતોષે ૧૫ ઑગસ્ટ ૧૯૨૧ના સોમવારે પૂ.શ્રી'મા' જ્યોતિર્મયીના શ્રીઅંકે જન્મ ધર્યો હતો. આજથી શતાબ્દી વર્ષ પ્રારંભ પામ્યું !

'સ્વર્ગારોહણ'માં નાનાં-મોટાં સૌ ભક્તબાળનાં હૈયાં હિલોળે ચઢ્યાં છે. (ઉત્સવના ઉલ્લાસથી ઉભરાય છે.) આજના મંગલ પ્રભાતે ૬.૦૦ વાગે ધ્યાનની ૨૦ મિનિટની બેઠક સાથે પ્રાતઃવંદના અને પ્રણામ પૂરા કરી ૮.૦૦ વાગે ધ્વજવંદનનો કાર્યક્રમ પ્રારંભ પામે છે. [પ્રેમીભક્તોના મન-અંતરે ગુરુભગવંત મહાત્મા યોગેશ્વરજીનું સામ્રાજ્ય વર્તાઈ રહ્યું છે. યોગેશ્વરજી એટલે દેશભક્તિ અને દેશપ્રેમનો પર્યાય. જીવનપર્યંત તેઓએ



ખાદી જ ધારણ કરી. સ્વદેશી ચીજવસ્તુઓ વાપરવાના આગ્રહી. ભારતીય સંસ્કૃતિનું ગૌરવગાન કરતાં તેમણે દેવભાષા સંસ્કૃતને પોતાના સર્જનસાહિત્યમાં આગવું સ્થાન ધરી સન્માની. સનાતન ધર્મના 'ગીતા', 'શિવમહિમ્ન' અને 'વિષ્ણુસહસ્રનામ' જેવા લોકપ્રિય ગ્રંથોના સમશ્લોકી અનુવાદ દ્વારા (સરળ ગુજરાતીમાં ઉતારી) સમાજની ધર્મભાવનાને પુષ્ટ કરી છે. એ વિશ્વવિભૂતિને સહુ પૂરા પ્રેમથી વંદી રહ્યું છે. અમારાં ચર્મચક્ષુ કે બુદ્ધિ તેઓને શું જાણે ? કે જાણી શકે ? અમારાં પ્યારાં પૂ.શ્રી'મા' સર્વેશ્વરીએ જ એ મહાપુરુષના મહિમાને ઓળખાવ્યો ને સમજાવ્યો છે. પરમ મહિમાવંતી આ દિવ્ય 'મા'ને અનંતકોટિ પ્રણામ.]

આઝાદી દિને 'સ્વર્ગારોહણ' પણ નવીન શોભાથી પુલકિત છે. પ્રભુજીના સ્વરૂપને પ્રણામ કરી પૂ.શ્રી'મા' રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. ઉન્નત મસ્તકે સૌ હાથ જોડી ધ્વજનું દર્શન કરતાં કરતાં ભારતના રાષ્ટ્રગીતનું ગાન કરે છે. (જનગણમન અધિનાયક...) ભારતીય રાષ્ટ્રધ્વજ અને એના વીર સપૂત સંતશિરોમણિ યોગેશ્વરજીની રાષ્ટ્રભક્તિને સાદર પ્રણામ.

ત્યારબાદ ૧૦ ને ૧૫ મિનિટે પ્રભુજીની પાલખીયાત્રા-રથયાત્રા પ્રારંભાય છે. રથની પાછળ પાછળ આનંદોત્સવમાં મગ્ન પ્રત્યેક ભક્તબાળ ગરબા અને સંકીર્તન સાથે પોતાના પ્રેમને અભિવ્યક્ત કરે છે. પ્રેમછલોછલ નર્તન અને ગાનથી 'સ્વર્ગારોહણ'ની ધરતી પણ સ્પંદિત થતી અનુભવાય છે. ૧૧ ને ૨૦ વાગ્યે 'યોગશૈવલ્યમ્'માં ગોઠવાયેલા સુંદર સુશોભિત પારણામાં શ્રી રાજુભાઈ જાનીના હસ્તે પ્રભુજીને સ્થાપિત કરી, ગુલાબમઢેલી રેશમની દોરીથી હળવે હળવે ઝુલાવાય છે.

('મારા પ્રભુનું પારણું શોભે રે, હો સૂતરની દોરીએ...'મધુર સ્વરે ગવાય છે.) ને,

પૂ.શ્રી'મા' હૉલમાં પધારે છે. સ્લેટમાં શબ્દાંકન શરુ થાય છે...

પૂ.શ્રી'મા'-વીડિયો ક્લીપના એક ભાઈ હાર્દિકભાઈ છે. તેમણે ડ્રોન દ્વારા વિડિયો લીધી છે. આજે ખૂબ મોટી મહત્ત્વની સેવા કરી છે. આપણે ત્રણ મંત્રગાનથી એમને વિદાય આપીએ. (ૐ યોગેશ્વરાય નમઃ...(૩)) [પૂ.શ્રી'મા' શ્રી હાર્દિકભાઈને એક ટ્રોલીબેગ, ચીકીનું બોક્ષ, લક્ષ્મીજીનું કવર અને અન્ય પ્રસાદ આપે છે.]

'મા' : હવે આપણે બધા જાણે દશરથાચલના શાંત એકાંત સ્થાનમાં છીએ. બધા બે સેકન્ડ શ્વાસ બંધ કરીને ત્રણ મંત્ર મનમાં બોલી પ્રભુને વધાવો.

ખૂબ અગત્યની વાત છે. હવે અંદર ઉતરવાનું છે. આ તો સરોવર કિનારે છબછબીયાં કરી લીધાં. શાંતિથી અંદરની યાત્રા તા.૧૫/૦૮/૨૦૨૧ થી ૧૫/૦૮/૨૦૨૨ સુધી કરી લો.

આજથી શતાબ્દીપર્વનો પ્રારંભ છે. (આપણે હવે શ્રી રાજુભાઈને પૂછીશું હવે શું કાર્યક્રમ છે ? નિર્જળા કરીને પદ્માસનનો ? કે પ્રસાદ લઈને પ્રણામ કરવાનો ? શ્રી રાજુભાઈ કહે : 'મા' એ આજના કાર્યક્રમમાં આપણને સહભાગી બનાવ્યાં પૂ.શ્રી'મા'ને પ્રણામ...પ્રણામ...)

પૂ.શ્રી'મા' લખે છે-હવે પ્રસાદ મળશે. થોડા જ સમયમાં રક્ષાબંધન પર્વ આવે છે. પ્રભુ સૌની રક્ષા કરે છે ને કરે તેવી પ્રાર્થના કરીશું. અહીંથી રક્ષા પણ મળશે, અને ભૂદેવોને યજ્ઞોપવિત પણ મળશે; અને સૌને લક્ષ્મીજીનો પ્રસાદ પણ મળશે.



અહીં સ્વર્ગમાં તૃપ્ત થવાય એટલું બધું છે. એટલી બધી શાંતિમાં જીવન વીતી રહ્યું છે. એટલે હવે શાંતિ !

[દરેક ક્રમમાં શિસ્તબદ્ધ રીતે પૂ.શ્રી'મા' પાસેથી પ્રસાદમાં નાનું મીઠાઈનું બોક્ષ, રક્ષા (સફેદ રાખડીનો ગોટો) અને શ્રી લક્ષ્મીજી મેળવી પોતાના સ્થાને પ્રણામ કરી બેસે છે.] ત્યાં સુધી મંત્રગાન ધીમા મધુર સ્વરમાં ગવાતું રહે છે. પૂ.શ્રી'મા' કહે છે, વીડિયો ટીમના બધા મિત્રો અહીં આવે. [સહુ આવી ગોઠવાય ત્યાં સુધી 'સતત રક્ષા કરો છો આપ અનુભવતા અમે દિનરાત અમારાં અંતરે શ્રદ્ધા કદી વાંકો ના થાયે વાળ...(ગવાય છે.)']

પૂ.શ્રી'મા' કહે—આવા ભવ્ય પ્રોગ્રામના ફોટા ને વીડિયો જ ના મળે તો ? આ ભાઈઓની સેવા વિશે શ્રી મહેતાસાહેબ પાસેથી સાંભળીએ. શ્રી હેમલભાઈ મહેતા જણાવે છે, ૬ દિવસના શતાબ્દીપર્વ કાર્યક્રમમાં (તા.૧૧/૦૮ થી ૧૬/૦૮/ ૨૦૨૧ સુધીના) દરેક દેશને ૧૦૦ મિનિટ અને વિષય (theme) આપવામાં આવ્યો હતો. કેન્દ્રિય વિષયને અનુસરવા લગભગ પ્રયત્ન થયો હતો. દરેક દેશે પોતાની વૈવિધ્યસભર, ૧૦૦ મિનિટનો ઉત્તમ કાર્યક્રમ આપવા પ્રયાસ કર્યો હતો.

નક્કી કરેલા દેશોએ (ભારત સહિત) જે કાર્યક્રમ તૈયાર કર્યો ને અમને મોકલ્યો તે પછી પણ વીડિયોગ્રાફીની આ ટીમે અથાક પરિશ્રમ કરી તેની યોગ્ય ગોઠવણ (સેટઅપ) અને તકનીકી માવજત (એડીટીંગ) કરી આકર્ષક ઓપ આપી ક્લીપ તૈયાર કરી, આપણાં સૌ સમક્ષ રસપ્રદ રીતે પ્રસ્તુત કરી તે બદલ 'સ્વર્ગારોહણ' વતી સૌનો આભાર માનું છું. વીડિયોના માધ્યમથી પૂ.શ્રી'મા'નાં તરોતાજાં દર્શન અને આશિષને પ્રત્યેક દર્શક માટે સુલભ કર્યાં.

આજે પણ જે પ્રોગ્રામ દેખાશે તેની તૈયારી ૧૦ એપ્રિલથી (બહુ અગાઉથી) શરૂ કરી દીધી હતી. ટૂંકમાં આપણે જ્યારે આવા વિશેષ કાર્યક્રમને રસપૂર્વક નિહાળીએ છીએ તેની પાછળ આખી ટીમનો કલાકોનો ભોગ સમાહિત છે. સમગ્ર ટીમની દરેક વ્યક્તિની વિશેષતાનો પરિચય શ્રી હેમલભાઈ તેના નામ અને કામ સાથે આપે છે. શ્રી મિકુલભાઈ, શ્રી મિલનભાઈ, શ્રી અભિષેકભાઈ, શ્રી સંતોષભાઈ, શ્રી મેહુલભાઈ, શ્રી જનકભાઈ, શ્રી હર્ષભાઈ, શ્રી રાકેશભાઈ, શ્રી ધાર્મિકભાઈ, શ્રી સુભાષભાઈ, શ્રી અજયભાઈ, શ્રી નૈનેશભાઈ અને 'સ્વર્ગારોહણ'ના પ્રિય બાળકો શ્રી તેજસભાઈ, શ્રી હેમલભાઈ પોતે.

પૂ.શ્રી'મા' કહે—એટલે ટૂંકમાં વાઈલ્ડ એંગલ ટીમના જ સ્વજન છે. એ બધા ખૂબ બિઝી છે છતાં પોતાના કામ છોડીને, ઑર્ડર છોડીને અહીં આવે છે. અને તેઓ સાવ નજીવી કિંમતે માત્ર ને માત્ર પ્રેમથી પ્રેરાઈને 'સ્વર્ગારોહણ'નું કાર્ય કરે છે.

તો હેમલભાઈ કહે આ ટીમ પરદેશ પણ જુદા જુદા શુટીંગ માટે જાય છે. એટલે કે તેઓ બધા સતત વ્યસ્ત રહેતા આદરણીય વ્યક્તિત્વો છે.

પૂ.શ્રી'મા'—આ બધાં સ્વજનોને અમે તો 'સર્વમંગલ ટ્રસ્ટ તરફથી એક ગુલાબની પાંદડી આપીશું.' [પૂ.શ્રી'મા'એ આ ટીમના સૌ બાળકોને ટ્રોલીબેગ, ચીકી બોક્ષ, લક્ષ્મીજીનું કવર અને વિશેષ પ્રસાદ આપે છે.] સૌનાં કાર્યો હેમલભાઈએ પોતાની ભાષામાં રજૂ કર્યાં. હવે સૌવતી શ્રી મિકુલભાઈ બોલે બે મિનિટ. શ્રી મિકુલભાઈ કહે, આખી ટીમને હેમલભાઈ સંભાળે છે. તે પ્રેમથી સમયસર જરૂરી અને શ્રેષ્ઠ કાર્ય કરાવી લે છે.



તેમને કામમાં ચોકસાઈ ખૂબ ગમે છે. જરીક પણ ચૂક તે ના ચલાવે. ટીમમાં દરેક પોતાની રીતે બેસ્ટ કામ કરે છે. પૂરેપૂરા ખંત અને હૃદયથી કરે છે. પૂ.શ્રી'મા' કહે, દરેક વ્યક્તિ પોતાનાં ઘરનું છે એમ માનીને કામ કરે છે. તો જ આ શક્ય બને છે.

ભક્તવૃંદ વીડિયોગ્રાફીની ટીમના સૌ સભ્યોને ત્રણ મંત્રગાનથી વધાવે છે. (ૐ યોગેશ્વરાય નમઃ...(૩)) ટીમના સભ્યોની ગૃહિણીઓને પણ પૂ.શ્રી'મા' એક સુંદર બેડશીટ, ચીકીબોક્ષ, લક્ષ્મીજીનું કવર અને પ્રસાદ સર્વમંગલ ટ્રસ્ટ તરફથી આપે છે. શ્રી હેમલભાઈ ને તેજસભાઈ પણ વિશેષ પ્રસાદ મેળવે છે.

પૂ.શ્રી'મા'—હવે અમે રથયાત્રામાં દર્શન જેમના કર્યા તે શ્રી તરલાબેન આજે ઉપસ્થિત છે તે પધારે. (પોતાનું વક્તવ્ય આપે.)

શ્રી તરલાબેન કહે, 'પૂજ્ય 'મા'ની આ રીત છે, પ્રીત છે ઠોઠ નિશાળિયાને આગળ કરવાની !' પૂ.શ્રી'મા' શૂન્યતાથી ભરેલાં છે, શૂન્યતામાં બિરાજેલા છે; તેથી જ તેમના અસ્તિત્વના અંશેઅંશમાં કેવળ પ્રભુની પૂર્ણતાનાં જ દર્શન થાય છે.

આજે ૧૫ ઑગસ્ટે એક સૂક્ષ્મ (યોગેશ્વરજી) અને બીજું પ્રગટ ('મા') ઉભય ચૈતન્યનું સાન્નિધ્ય આપણે મેળવવા ભાગ્યશાળી બન્યાં છીએ. (અને શ્રી ત. બેન ૧૦,૧૫ મિનિટ બોલી યથાસ્થાને બેસી જાય છે.)

પૂ.શ્રી'મા'—અહીં તો શતાબ્દી પર્વ ચાલે છે. કોઈપણ કામ કરો તે ૧૦૦ની આસપાસ જ કરવું પડે. એટલે તરલાબેન ૧૦૦ સેકન્ડ બોલે તે ના ચાલે. ૧૦૦ મિનિટ બોલે તો પણ ના ચાલે. સો દિવસ એક એક કલાક બોલે તો કદાચ અમને ગમે.

[પૂ.શ્રી'મા' પૂછે છે કોને કોને ત. બેન ૧૦૦ દિવસ બોલે તે ગમે છે ? સૌ આંગળી ઊંચી કરે છે.]

પૂ.શ્રી'મા' કહે,—તો હે જ્ઞાની સાહેબ, ત. બેનને આ વરસે ૧૦૦ દિવસ સ્વર્ગારોહણમાં આવે ને એમની જ્ઞાનસરિતામાં સ્નાન કરાવે. દર શનિ રવિ ફાવે તો તે રીતે. ૭, ૭ દિવસ ફાવે તો તે રીતે ને દર મહિને ૧૫ દિવસ ફાવે તો તે રીતે. અમે બધી જ રીતે અનુકૂળ થઈ જઈશું. પણ તમે પધારો.

આજે તેમણે પોતાની ટૂંકી વાતમાં જાણે ગાગરમાં સાગર ભરી દીધો. કેવી સરસ વાતો કરી ! ગઈકાલની મટકીફોડ ને ગરબા જોયાં હોત તો પણ એમને ખૂબ ગમત !

ત. બેન કહે, —પૂ.શ્રી'મા' કેટલાં વાનાં કરે છે ! મબલખ પ્રેમ છે. આપણે 'સ્વ'માં પ્રતિષ્ઠ થઈએ એ માટે કેટલા પ્રયત્ન કરે છે ! પણ પ્રારબ્ધ મને નહીં આવવા દેતું હોય.

પૂ.શ્રી'મા'—'પ્રારબ્ધ' શબ્દનો લાભ ના લેવાય.

ત. બેન—હું સંપૂર્ણ રીતે 'મા' થી ખરીદાયેલી છું. પ્રેમથી ખરીદી છે. 'અધ્યાત્મ'નો ખીંટો બંધાવી દીધો છે. જેથી આડીઅવળી ક્યાંય ભટકું નહિ. 'મા' મારો ઉદ્ધાર કરીને જ જંપશે. હું 'મા' પાસે રહું પ્રત્યેક દિવસ ને 'મા'નું અમૃત છે તે ઝીલી લઉં; એવી કૃપા તેઓશ્રી જ કરશે.

પૂ.શ્રી'મા' કહે,—તરલાબેનના આ વચનને ત્રણ મંત્ર સાથે (ૐ યોગેશ્વરાય નમઃ...(૩)) આપણે વધાવી લઈએ.

પૂ.શ્રી'મા'—આ 'મા' એ હજી પાણી પણ નથી લીધું. શતાબ્દીપર્વે ૧૦૦ ઉપવાસનું પણ તમે કંઈક વિચારજો.

દર મહિને ૩/૪ દિવસ પ્રભુના નામે કંઈક કરજો. ગઈકાલે



અમે તમારી પાસે ભિક્ષા માગી છે. ૧૫ ઑગસ્ટે એક કલાક સાધના કરવાની છે. પછી જ 'સ્વર્ગારોહણ' છોડવાનું છે. ભોજન લઈને ગાડીમાં બેસતાં પહેલાં ૧ કલાક સાધના કરવાની. જપ, પ્રણામ, પ્રાર્થના, પાઠ, ધ્યાન.

આજે અશ્વિનભાઈનો પણ જન્મદિવસ છે. (સૌ જન્મદિવસની પ્રાર્થના 'યોગેશ્વર પ્રભુને ચરણે નમીને માગીએ આજ પ્રભાતે અશ્વિનભાઈના જન્મદિને પ્રાર્થના કરીએ સાથે.' ગવાય છે.)

પૂ.શ્રી'મા'—આજે 'અનસ્ત સૂર્ય'નું પારાયણ કોણ કરવાનું છે ? આજે કાલે જેને જ્યારે કરવું હોય ત્યારે થઈ શકે. આ વર્ષ જાણે ગ્રંથદેવતાનું સન્માનપર્વ છે. દેશવિદેશમાં બધે જ આ ગ્રંથનું પારાયણ સતત થાય છે. ૯૨ વર્ષનાં, શારદાબેન વ્હિલચૅરમાં બેસીને દરરોજ પારાયણ કરે છે. વરસોથી દરરોજ એક પ્રકરણ વાંચે છે. આજે વ્હિલચૅરમાં છે છતાં પણ એક પ્રકરણ વાંચવાનો નિયમ પાળે જ છે.

શ્રી તરલાબેનની કલમનો એ પ્રસાદ છે. શ્રી તરલાબેનની કલમની પ્રસાદનો એ પ્રભાવ છે. નાનાં પ્રકરણોમાં આત્મકથાનું જીવનકથામાં રૂપાંતર કરીને એને રસમય કરી દીધું છે.

હવે નવ મંત્ર....ને ઉપસ્થિત સર્વ નવમંત્રગાનમાં જોડાય છે ને આમ પૂ.શ્રી'મા'ના સાંનિધ્યમાં આનંદ કિલ્લોલની સાથે એક કલાકની વિશેષ સાધના સાથે પર્વ સમાપ્તિએ પહોંચે છે.

—ડૉ. અરુણા ઠાકર

'I come to you with flowers
And am blessed with a Garden !'

## ॥ શતાબ્દી પર્વ : અધ્યાત્મનું આધુનિક પર્વ ॥

આ શતાબ્દી પર્વ પૂ.શ્રી પ્રભુના શતયોગજ્યોતનું પર્વ છે. પૂ.શ્રી પ્રભુનું શતશત ગુણદર્શનપર્વ છે. પરમ પ્રકાશને ઝીલી "પ્રકાશના પંથે" પગરણ માંડવાનું પર્વ છે. એવું એક પર્વ જ્યાં ચંદનની સુવાસ છે, સત્કર્મની સુગંધ છે, પ્રેમની પૂર્ણતા છે, ગુરુભક્તિની ગૌરવવંતી ગાથા છે. એવું કહેવાય છે કે જો વ્યર્થનું વિસર્જન થાય તો જ સમર્થનું સર્જન થાય અને જે સમર્થ છે તે જ સમદૃષ્ટિથી સૌને સમાન સુખ ધરે.—તે સુખ તે જ આ "શતયોગ વંદનમ્—શતાબ્દી પર્વ."

જ્યાં હસતાં રમતાં ફૂલવાડીનાં નાનાં-મોટાં બાળકોએ પૂ.શ્રી પ્રભુના જીવનદર્શનના અગણિત પાસાંઓમાંથી જે-જે ગુણદર્શન પામ્યા તેને પોતાની રીતે વિવિધ માધ્યમોથી વર્ણવવા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. ખૂબ નાનાં બાળકોએ કાલીઘેલી ભાષામાં પ્રેમ પ્રદર્શિત કર્યો તો યુવાવર્ગે વિવિધ જીવનપ્રસંગોનું નાટ્યાંતરણ કરી પોતાના જીવનમાં ઉપયોગી અને અનુકરણીય પ્રસંગોને રસસભરતાથી પ્રદર્શિત કર્યા. યુવાહૃદયમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન પણ મેળવ્યું. જ્યાં નાટક નાટક ના લાગતાં પૂ.શ્રી પ્રભુના ઉત્તમ ચારિત્ર્યનાં તથા પરમપ્રકાશનાં દર્શન પામ્યા. યુવાવર્ગે પૂ.શ્રી પ્રભુના સદ્‌ગ્રંથોમાંથી એક એક સોનેરી સુવાક્યો પ્રવાહિત કર્યા જેનું સૌએ આચમન કર્યું. "શતાબ્દી પર્વનું મહત્ત્વ"માં યુવાનોએ પોતાના સુંદર ભાવો પ્રદર્શિત કર્યા તો શ્રી જ્યોત્સ્નાબેને "શિખર સંત શ્રી યોગેશ્વરજી"માં સરળ ને રોચક શબ્દોથી પૂ.શ્રી પ્રભુની મેધાવી પ્રતિભાનો સંસ્પર્શ કરાવ્યો.

"વડીલનાં સંસ્મરણો"—શ્રી શારદાબેને એવી સહજતાથી



ભાવવાહી શૈલીમાં વર્ણવ્યાં કે કર્પૂરવનની એ પવિત્ર ભૂમિમાં "સંતદર્શન" પામી ધન્ય બની જવાયું. "સાધનાની વિશેષ સમજ" એ શ્રી તરલાબેન દ્વારા તારવાયેલો પૂ.શ્રીની કૃતિનો સાર છે. જેમાં સાધનાનાં વિવિધ પાસાંઓને આવરી લઈ, આગવી સમજ ધરી છે. તેમાં વર્ણવાયેલ વ્યાવહારિક સાધનાના જ્ઞાનની સમજ એ આજના સમયની જરૂરિયાત છે. અર્પિતાબેનના મનોભાવો અલગ જ ભાવજગતમાં લઈ જાય છે. "મંગલ મુસાફરી"માં પૂ.શ્રી પ્રભુના ઉત્કૃષ્ટ અને ઉત્તમ સદ્‌ગુણો તથા વ્યાવહારિક ગુણદર્શનથી સુગંધવાટિકામાં પ્રવેશ પામ્યા હોઈએ તેવી અનુભૂતિ થઈ. પૂ.શ્રી પ્રભુએ જેને જેને આંગણે પધારી તેમના આવાસોમાં પોતાના પ્રેમભર્યા નિવાસથી વિશેષ કૃપાના અધિકારી બનાવ્યા છે તે સર્વે યજમાન સદ્‌ગૃહસ્થો કે પ્રેમીભક્તોના જીવનના કેટકેટલા પ્રસંગો વર્ણવાયા કે જેથી પૂ.શ્રી પ્રભુના દૈવીશક્તિનાં દર્શન પામ્યાં, જેમાંથી "અમે સંસારીઓને ભારે પડતા નથી." એ તો "અયાચકવ્રતી" પૂ.શ્રી પ્રભુના દર્શનનો ઉત્તમ પ્રસંગ છે. આવા દેવરૂપ પૂર્ણયોગી યુગપુરુષ શ્રી પ્રભુના શ્રીચરણે નમ્રાતિનમ્ર પ્રણામ હો...પ્રણામ હો...

"વંદન" એ પૂ.'મા'ના જીવનદર્શનની અનેરી પ્રણાલી છે. સ્વર્ગારોહણના આંગણે થયેલા ધ્વજવંદન એ એ જ પ્રણાલીનો પ્રતિઘોષ છે. દિશાબેન, નિલેષભાઈ તથા ગાયકવૃંદ દ્વારા મધુરકંઠે ગવાયેલા પૂ.શ્રી પ્રભુના અનન્ય રાષ્ટ્રભક્તિનાં પદોનું ગાન અને એ ગાનના તાલ સાથે એકરૂપ પૂ.શ્રી 'મા'ના શ્રી વિગ્રહના ગૌરવ તથા ગરિમાપૂર્ણ દર્શન નિહાળવાં એ તો જીવનની સવિશેષ ધન્યતા છે. કોઈ સમાધિષ્ઠ યોગીને

અનંતકાળની સમાધિ પછી પણ દર્શન ના થાય તેવા પૂ.શ્રી 'મા'નાં દર્શન પામ્યાં. મટકીફોડનો નિર્દોષ આનંદ, રાસગરબાની રમઝટ જાણે કે સ્વર્ગારોહણમાં જ વ્રજભૂમિ પ્રગટી ગઈ. આનંદસ્વરૂપા પૂ.'મા' સિવાય આવો આનંદોત્સવ કોણ પ્રગટાવી શકે ? રથયાત્રા એ તો યોગયાત્રા છે...ધ્યાનયાત્રા છે...ભક્તિયાત્રા છે...પૂર્ણત્વની યાત્રા છે, કારણ કે ત્રિભુવનના નાથ પૂ.શ્રી પ્રભુનો પ્રાગટ્ય-મહોત્સવ છે. તનથી કે મનથી જે જે જોડાયું છે તે સર્વે ભક્તિદાન પામ્યાં જ છે. સ્વર્ગલોકના કોઈ આનંદપ્રદેશમાં પ્રવેશ પામ્યાં હોઈએ તેવાં દૈવીદર્શન છે. ત્રણેય ભુવનમાં ના સમાય તેવો આ આનંદોત્સવ પ્રગટનો પરમ પ્રકાશ પાથરે છે.

''પ્રેમઝરૂખા''માંથી કરુણામયી ''મા''નો પ્રસાદ વેરવો એ તો મુક્તિની લ્હાણ છે, અને એ પ્રસાદ પામવો એ તો જીવનની પરિતૃપ્તિ છે. પૂ.શ્રી'મા'નાં કરકમળથી વેરાયેલો કૃપા-કળશ છે...કૃપા-કિરણ છે. પૂ.શ્રી'મા'નાં વરદહસ્તનો આ પ્રસાદ લેવા અને આ અલભ્ય લીલાદર્શન માણવા દેવ-દેવર્ષિ-સંતો-ઋષિમુનિઓ કે તપસ્વીઓ ચોક્કસ પધારતા જ હશે. એવાં આ લીલાદર્શન જીવનને મુક્તિપ્રદાન કરનારા છે.

**પ્રભુના પ્રેમી એવા પાગલના સંગમાં**
**મુક્તિ વહેચાય છે પ્રેમીના સંગમાં...**
**''ગુરુ એ ઈશ્વરનો અવતાર...**
**હું કોઈના ઘરની જ્યોત બનું...જાણે કે''**

પૂ.'મા'-પ્રભુના જીવનદર્શનનાં પદો છે. મનમાં સતત ગૂંજ્યા જ કરે. જે આપણા હૃદયને પ્રેમથી અને આંખોને અશ્રુથી ભીંજવે તેવાં આ પદો સ્મરણીય અને મનનીય છે. ''સંત



સાહિત્ય રસથાળ''માં પૂ.શ્રી 'મા'-પ્રભુના શ્રીકલમે પ્રગટેલા વિવિધ પદોનો રસથાળ મીઠા મધુરા કંઠથી તથા વાજિંત્રોના સાજથી એવો પિરસાયો કે હૃદયને રસતરબોળ કરી ગયો, ઝબોળી ગયો. આખું સ્વર્ગારોહણ જે રીતે રોશનીથી સાજ-શણગાર પામ્યું હતું એ તો જાણે બ્રહ્માંડમાં નવી આકાશગંગા પ્રગટી હોય તેવું મનોરમ્ય દશ્ય હતું. સ્વર્ગારોહણ લાખો તારલાઓથી ઝગમગી રહ્યું હતું.

આ 'શતયોગ વંદનમ્'ના ''શતાબ્દી પર્વ''નો પ્રસાદ એટલે પૂ.શ્રી પ્રભુનાં અમૃતવચનો...

—હંમેશાં જીવનમાં સ્પર્ધા માટે તૈયાર રહો.

—નિરાશા ખંખેરી નાખો.

—પ્રયત્ન કરનાર પામે જ છે.

—તનની જેમ મનની પવિત્રતાને કાબુમાં રાખવાનું કામ અશક્ય નથી.

—જીવનનું અંતિમ ધ્યેય આત્મિક ઉત્થાનમાં જ છે.

—સંકટ કે મુશ્કેલી આવે તો સ્વરૂપ સામે બેસી પ્રાર્થના કરો. મદદ મળશે. આત્મિક શાંતિ મળશે.

—''હું જોઉં છું...હું સાંભળું છું...'' આ તો પૂ.શ્રી પ્રભુની પ્રત્યક્ષતાનો પુરાવો છે.

''શતાબ્દી પર્વ''નો આખો બાગ જ મહેકતો અને મઘમઘતો છે. દરેક ફૂલની પોતાની વિશેષતા અને સુંદરતા છે પણ આ સૌમાં સુગંધ અને સુવાસ પૂ.'મા'-પ્રભુની છે જે સર્વે બાળકો-ભક્તો કે સાધકોના જીવનબાગને સુવાસિત રાખે છે.

''મા'' આપ જ ઘર ઘરની જ્યોત છો, તેથી જ તો આપે આ

"પ્રભુ" નામનો દીવડો ઘરઘરના દેવમંદિરમાં પ્રગટાવ્યો છે. જે દીપક જનસમાજને શાશ્વત શાંતિ ધરી "પ્રકાશના પંથે" પગલાં ભરવા પ્રેરિત કરે છે. જે અજ્ઞાનતિમિરને ભેદી જ્ઞાનનો ઉજાસ ફેલાવે છે.

આ પર્વ "પંચામૃત પર્વ" છે. જેમાં

"બાળપ્રભુ"

"યુવાપ્રભુ"

"તપસ્વી પ્રભુ"

"દૈવી પ્રભુ" તથા

"પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ"નાં અમૃતદર્શન છે. 'મા' આપે આ પંચામૃતથી સહુ કોઈને શુદ્ધ કર્યા છે...પવિત્ર કર્યાં છે.

આપના આ "પ્રસાદ"ને...પવિત્રતાને...પ્રકાશપુંજને...પૂર્ણત્વને પ્રણામ હો...પ્રણામ હો...પ્રણામ હો...

અંતે ફરી ફરી,

શતયોગ વંદનમ્
જ્ઞાનયોગ વંદનમ્
ભક્તિયોગ વંદનમ્
ધ્યાનયોગ વંદનમ્
યોગજ્યોત વંદનમ્
ગુરુગોવિંદ વંદનમ્
ગુરુગોપાલ વંદનમ્
વિષ્ણુસ્વરૂપ વંદનમ્

**–શ્રી નિશા પંડ્યા**



## ॥ અષ્ટોત્તર શત પારાયણાનિ ॥

આજે સ્વર્ગારોહણને આંગણે એક અનેરો મહોત્સવ છે. "અધ્યાત્મનો અનસ્ત સૂર્ય" ગ્રંથનું સમૂહ પારાયણ છે. ૧૦૮ પારાયણના પારાયણીઓમાંથી પહેલા વિભાગના ૩૬ પારાયણીઓ જેમાં ૧૮ ભાઈઓ અને ૧૮ બેનો છે. આ એક નવતર પ્રયોગ છે. આજે શ્રવણભક્તિ નથી પણ નેત્રો દ્વારા આ ગ્રંથની અર્ચનયાત્રા છે ચિંતનયાત્રા છે મનનયાત્રા છે.

આ પૂ.પ્રભુના જીવનની જીવનકથા છે. 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'માં પ્રકાશનાપંથ પર આધારિત 'જીવનચરિત્ર' પૂ.શ્રી તરલાબેને આત્મકથાનું દોહન કરી પૂ.શ્રીના જીવનનું યથાતથ, નિરૂપણ કર્યું છે. બધા જ અગત્યના પ્રસંગો લઈ લીધા છે. તો ક્યાંક તો પ્રભુનાં અવતરણો અને મનોભાવો યથાતથ નિરૂપાયા છે.

આ પારાયણ પૂર્વે પૂ.શ્રી'મા' આશીર્વચન આપતાં જણાવે છે "હે સ્વર્ગારોહણના સ્વજનો, આપ સૌનું સ્વાગત છે. સંસારી કાર્યોમાંથી સમય કાઢીને આવી શક્યા છીએ તો આ ધરતીનો પૂરેપૂરો લાભ લો.

કોરોનાને લીધે હવે આજથી શતાબ્દિપર્વનો પ્રારંભ થઈ રહ્યો છે.

૧૩/૦૭/૨૦૨૧ થી ૧૩/૦૭/૨૦૨૨ જે નિયમો કોરોનાને લીધે પાળી શકાયા ન હતા તે આજથી શરૂ કરી શકાશે.

"મહાપુરુષના જીવનની આપણે મહાપૂજા કરવા જઈ રહ્યાં

છીએ. પૂજા કરતાં કરતાં આપણે જ પૂજાપાત્ર બની જવાનું છે.'' ૐ.

પૂ.'મા' અને સેવારત સર્વ સાધકોને અનેરો ઉત્સાહ છે. હૉલને ખૂબ સરસ રીતે શણગારવામાં આવ્યો છે. ૐ કારની પતાકાઓ અને નવોદિત નવજાત શિશુઓનાં પારાયણ કરતાં સ્વરૂપો અને ભાઈશ્રી સ્વરૂપનાં વિવિધ વેશભૂષામાં પારાયણી તરીકેના તોરણો મનને મોહી લે છે તો સાથે સાથે જાગ્રત કરી દે છે. અમે તો જન્મી જ સત્કર્મ અને પારાયણ કરીએ છીએ. હે વડીલો જાગી જાઓ હજી મોડું નથી થયું. 'જાગ્યા ત્યારથી સવાર !'

સુંદર બેઠકવ્યવસ્થા. અંતરનું ધ્યાન રાખીને કરવામાં આવી છે. કુટિયાના પંચદેવો સમક્ષ આ પારાયણ કરવાનું છે જે વર્ષોથી આપણા સહુ પર આશીર્વાદની વર્ષા કરી જ રહ્યા છે. એ સહુ પણ સાધક બાળકોનું ધ્યાન રાખી રક્ષણ કરી રહ્યા છે. રક્ષા કવચરૂપે અપાયેલો ખેસ, શ્રી શ્રી 'મા'નો સંકલ્પ અને તેમની અનરાધાર કૃપાવર્ષાએ સહુને રક્ષાયેલા રાખ્યા છે. કોઈ માંદું નથી પડ્યું, નથી કોઈને કોઈ અશુભ સમાચારે પારાયણ છોડી જવું પડ્યું. કોઈ પણ જાતનું વ્યવધાન આ વિઘ્નવિનાશક દેવો અને શ્રી શ્રી 'મા'એ નથી આવવા દીધું. નથી કોઈને ઝોકાં આવ્યાં કે નથી બગાસાં. તન-મનની શુદ્ધિના આગ્રહથી આરંભાયેલાં આ પારાયણે એક અદ્‌ભુત પવિત્રતા વાતાવરણમાં નિર્માણ કરી. પૂ.શ્રી'મા'નાં પવિત્ર પરમાણુઓ પણ સતત અનુભવાતાં હતાં. તો ક્યારેક જાણે 'મા' સ્વયં પધારી આપણું નિરીક્ષણ કરતાં હોય તેવું લાગતું હતું. શ્રી શ્રી 'મા'એ પણ સહુ સાથે ઉપર પારાયણ કર્યું અદ્‌ભુત ઉદાહરણ પૂરું પાડ્યું. તન મનની શુદ્ધિ એટલા માટે કે જેવા આચાર તેવા વિચાર શ્રી



ભીખુદાન ગઢવીએ એકવાર કહેલું ''ધરમ ઘટે ધન ઘટે સબ ઘટત ઘટત ઘટ જાય.'' પૂ.શ્રી'મા' આધુનિકતા અને અધ્યાત્મનો અદ્વિતીય સંગમ છે તો શાસ્ત્રો વેદો અને પુરાણોનાં પણ આગ્રહી છે તેમાં તેઓને કોઈ બાંધછોડ ગમતી નથી. અને સહુ પૂ.'મા'ના આદેશને શિરોમાન્ય રાખી શિસ્તબદ્ધ રીતે પારાયણ કરે છે. કોઈને આસાપાસ જોવાનો પણ સમય નથી મંત્રગાન અને વરદ હસ્તની પ્રાર્થનાથી પ્રારંભ પામેલું પારાયણ તે જ રીતે પૂર્ણાહુતિ પામે છે. ઉપનિષદકાળની યાદ અપાવતું પારાયણ પ્રભુ સન્મુખ જીવંત પ્રતિમા દ્વારા ઉપનિષદના ગુરુનો ઉપદેશ સમજાવતા હોય તેવો અહેસાસ કરાવે છે.

પારાયણ શા માટે ? એ પ્રશ્ન જરૂર થાય. 'કીટભ્રમર' શાસ્ત્રોક્ત ન્યાય પ્રમાણે ઈયળને ડંખ મારી મારીને કહેવામાં આવે કે તું જ ભ્રમર છે. અહીં પણ એ જ વાત છે. હે સાધક ! જાગ તું શિવસ્વરૂપ છે, તું આનંદસ્વરૂપ છે, આત્મસ્વરૂપ છે. આ માયા તરવી મુશ્કેલ છે તો મેં જેમ જગદંબાનું શરણ લીધું તેમ લઈને મને જ ભજી લે, મને જ ભજી લે તેવા ભગવાને કહેલા ગીતાવચનોના સતત ટકોરા માર્યા જ કરે છે. અને એ ચિદાનંદ સ્વરૂપમાં અવગાહન કરાવે છે.

જીવનકથા જીવનના નક્કર સત્યો દ્વારા પ્રભુમય જીવન તરફ દોરી જાય છે તો પ્રાર્થનાઓથી સર્જાયેલા અદ્‌ભુત ચમત્કારો અને અનન્ય કૃપાનો સાક્ષાત્કાર કરાવે છે. તો અધ્યાત્મની કસોટીરૂપ સંસારમાં પૂ.શ્રીના વ્યાવહારિક અને આદર્શ જીવનનું અનુકરણ કરવા પણ પ્રેરે છે. ગમે તેવા વિકટ સંજોગોમાં પણ પ્રભુસ્મરણ કે લક્ષ્ય વિસ્મૃત ન કરવાનો સુંદર બોધપાઠ આપે છે.

રૂખીબાની ચિતાથી લીધેલો સાર જીવનભર પ્રભુને યાદ રહે છે અમરપટ્ટો લઈને આવ્યા હોઈએ તેવા આપણા વિચારને નિર્ભ્રાન્ત કરે છે. માંદગીના માન-અપમાનના કસોટીરૂપ પ્રસંગો એ પ્રભુની સ્વસ્થતા અને ચિંતનના સ્પષ્ટ રાહ ચીંધે છે. તો જગદંબા, સાંઈબાબા, હનુમાનજી કે અનેક દેવદેવીએ આપેલા સાક્ષાત દર્શનના ખોટા વાયદાઓ પણ જીવનમાં ધીરજ ધરવાના પાઠ શીખવે છે. તો સંસિદ્ધિની અવસ્થા પણ એ મહાપુરુષ સાગરપેટા થઈ પચાવી જાય છે. યાત્રા એ જાગૃતિપૂર્વક કરવાની છે સંયમ સાથે નિયમો સાથે તે સ્થળોના પરમાણુઓને પચાવવાનું માર્ગદર્શન ધરે છે.

પાઠ-પારાયણ એ પણ સાધનાનો જ એક ભાગ છે માત્ર સમજપૂર્વક કરવાનું છે; 'મણનો સિદ્ધાંત નહીં, પણ અધોળના આચરણ'નો નિયમ પાળવાનો છે.

પારાયણ દરમ્યાન ત્રણ દિવસ વિશેષ ફળાહાર જ કરવાનો છે. મીઠું, મરચું, મસાલાને સ્થાન નથી પણ સહુથી પૂ.'મા'ની કૃપાથી થઈ જાય છે. આપણા નિર્બળ મનને સબળ કરવાનો પ્રયોગ છે. કરી તો જુઓ ! ન શું થાય ? થાય જ. પારાયણમાં ત્રણ પેઢી છે. વૃદ્ધો, યુવાનો અને ૪૫ થી ૫૦ સુધીના વયસ્કો હતા. પણ આહારે કોઈને લાચાર નથી કર્યા. જોકે ફળાહાર five star હતો 'મા' જેનું નામ બાળકોને કેટલા લાડ કરે ! કેવું ધ્યાન રાખે !

પૂર્ણાહુતિ પ્રસંગે સૌથી મોટી શીખ જીવનમાં નિરાશ ન થવાની. ઉત્સાહથી પ્રત્યેક દિનને જીવી પ્રભુમય બનાવી દેવાની હતી. જે સાધન ગમે તે પકડી લો તે સાધન જરૂર પ્રભુ સુધી



પહોંચાડશે. નિષ્ઠાપૂર્વક કરો. કાળ જાય છે સાચવી લો. 'સમય સાચવશો તો સમય આપણને જરૂર સાચવશે.'

એક પ્રસન્નતા અને અનંત આનંદના પ્રવાહને પામી સહુ ધન્ય થયા. પારાયણની પૂર્ણાહૂતિએ શ્રી શ્રી 'મા'નાં દર્શને સહુ ધન્ય થયાં. પૂ.'મા'ની અમીધારા નેત્રકમળ દ્વારા સહુ સાધકો પર વરસી અને સહુ એક સત્સંગ-સરોવરમાં સ્નાન કરી ધન્ય થયા.

ત્રણ દિવસના રાત્રિસંકીર્તને પણ ખૂબ પ્રભુપ્રેમના ઉત્કટ ભાવોનું વાતાવરણ નિર્માણ કરી દિવસ દરમ્યાન કરેલી સાત્ત્વિક પ્રવૃત્તિથી અને પ્રભુપ્રેમમાં મસ્ત બની નિદ્રાદેવીના શરણમાં પ્રભુના દર્શનની પ્રાર્થનામાં મસ્ત બની વિશ્રાંતિની ક્ષણો માણી.

હે મા ! આપની અપાર કરુણા, નિર્વ્યાજ પ્રેમ અને અનરાધાર કૃપાથી અમને આપે જે લાભાન્વિત કર્યા તે માટે લક્ષકોટિ પ્રણામ. આપની કૃપા વિના આ શક્ય જ નહોતું ! બસ આ પારાયણ અમારા જીવનને ઉદાત્ત કરી, ઉત્તુંગ શિખરો ધરે એ જ પ્રાર્થના. હે દયાની દેવી ! પ્રસન્ન થાઓ 'વિજયી ભવ'ની આશિષ દેજો. જય કૃપાળુ 'મા' પ્રણામ !

**—શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી**

'Your worth is not measured
What you have got.
It is measured by what you give.'

## ॥ સ્કૂટરયાત્રા : વીરાંગનાઓનું અભિયાન ॥

**તારીખ : ૧૯/૦૮/૨૦૨૧ (શ્રાવણ સુદ બારસ)**

ઘણાં વર્ષોની પ્રાર્થના જાણે 'મા'એ સાંભળી અને સફળ થઈ. આજના પવિત્ર દિવસે શતાબ્દીવર્ષમાં પ્રભુના પ્રાગટ્ય દિને આ યાત્રા થઈ શકી તેનો ખૂબ આનંદ છે.

હું ઘણા વર્ષોથી સ્કૂટર (Activa) ચલાવું છું અને દિવસનો મોટાભાગનો સમય મારો સ્કૂટર પર જ પસાર થાય અને જેવી સ્કૂટર પર બેસું એટલે પ્રાર્થના-બાવની-ભજન શરૂ થઈ જાય. સૌથી વધારે પ્રભુસ્મરણ જાણે કે સ્કૂટર પર જ થાય. એટલે મનમાં થતું કે સ્કૂટર પર જ સ્વર્ગારોહણ જવું. પૂ.'મા'ને પણ આ વાત કરી. ઘણાં વર્ષો થઈ ગયાં. પણ એવી કોઈ અનુકૂળતા કે સંગાથ ન મળે.

હમણાં થોડા દિવસ પર ઉર્વશી 'મા' પાસે આવી 'મા'ને કહે 'મા' હું સાઈકલ પર ગાંધીધામથી સ્વર્ગારોહણ આવવા વિચારું છું. 'મા' કહે સાઈકલ પર નહિ પણ સ્કૂટર ઉપર આવો. એટલે એ રીતે આ યાત્રાના શ્રીગણેશ મંડાયા. દેવાંશી, ઉર્વશી, મયૂરી અને મનીષા અમે ચાર ભેગાં થઈને અમદાવાદ "સત્યપથ" દર્શન કરી, મા-પ્રભુને પ્રાર્થના-૧૧ પ્રણામ બાદ સવારે લગભગ ૬.૦૦ વાગ્યે યાત્રા શરૂ થઈ. પૂ.'મા'ના આશીર્વાદ અમારી સાથે જ હતા. "સત્યપથ"થી સરોડા પહોચતાં લગભગ દોઢ કલાક થયો. સરોડા પ્રભુનાં દર્શન કરી, પ્રાર્થના, ૧૧ પ્રણામ બાદ સ્વર્ગારોહણ જવા માટેની યાત્રા શરૂ થઈ. રસ્તે સતત પ્રભુનું સ્મરણ થતું રહ્યું. પ્રાર્થના થઈ શકી, બાવની થઈ. રસ્તામાં વિચાર આવ્યો કે પ્રભુ સરોડામાં જન્મીને કેવી રીતે સ્વર્ગારોહણ સુધી પહોંચ્યા ?—તો પ્રભુનું આખું જીવન-બધાં જ પ્રસંગોને જાણે મનથી વાંચ્યા. (યાદ કર્યા) આ રીતે ખૂબ આનંદથી રસ્તો પસાર થતો રહ્યો. રસ્તામાં બે થી ત્રણ



વાર ફ્રૂટ ખાવા માટે રોકાયા.

યાત્રા પ્રભુસ્મરણ સાથે ઉપરાંત પોતાની જાત સાથે પણ એકલા રહેવાનો જાણે સમય મળ્યો. લગભગ છ કલાક સ્કૂટર ચલાવ્યા બાદ જરા ઊંઘ આવશે એવું લાગ્યું તો ભજન મોટેથી ગાવાનાં શરૂ કર્યાં. અને પછી તો એકલા એકલા અંતાક્ષરી રમવાનું પણ શરૂ થયું. અને એ રીતે બાકીનો રસ્તો કપાયો. આ આખી યાત્રામાં જાણે 'મા' અમારી સાથે જ રહ્યાં એવો અનુભવ દરેકને થયો. 'મા'ની કૃપાથી કોઈને કાંઈ પણ તકલીફ ન રહી.

બપોરે ૩.૩૦ વાગ્યે સ્વર્ગારોહણ આવવાનું બન્યું. પ્રભુને પ્રણામ કર્યા. હાશ થઈ. વરદહસ્તની પ્રાર્થના સમૂહમાં ચાલતી જ હતી. અમે સૌ સ્નાન બાદ પૂ.'મા' પાસે ગયા. 'મા'નાં દર્શન કરીને જાણે સંતોષ થયો. યાત્રા પૂર્ણ થઈ. પૂ.'મા'એ અમને હાર પહેરાવી, કલગી આપીને સ્વાગત કર્યું. ખૂબ બિરદાવ્યાં. પૂ.'મા'ના અંતરે ખૂબ આનંદ હતો. 'મા'નું હાસ્ય જોઈને જાણે અમારો બધો જ થાક ઉતરી ગયો. 'મા' એ અમને ફૂલની જેમ સાચવ્યાં. 'મા' Thank you.

'મા' એ કહ્યું પ્રભુની કેવી કૃપા કે રસ્તામાં અકસ્માત ન થયો, સ્કૂટરને પંકચર ના પડ્યું, કોઈ આપણી પાછળ ના પડ્યું. તીર્થસ્થાનોની (સત્યપથ, સરોડાની) પણ એક આભા હોય છે તે આભા આપણું રક્ષાકવચ બનીને રક્ષા કરે. બહેનોએ સરસ સાહસ કર્યું. શતાબ્દી વર્ષમાં બહેનોએ સાહસની શરૂઆત કરી હવે ભાઈઓ પણ કંઈક (સાહસ માટે) વિચારશે. 'આપણે જે ધારીએ તે કરી શકીએ' એવું આ યાત્રા પરથી કહી શકાય.

'મા', યાત્રાના અંતે એક જ પ્રાર્થના કે જે રીતે આ યાત્રા (સ્કૂટર) સફળ કરાવી તે જ રીતે અમારી જીવનયાત્રાને પણ આપ જ સાથે રહીને સફળ કરાવજો; એ આપના હસ્તાક્ષરથી જ ઝળહળ હજો. આપના આશીર્વાદથી જ મઢાયેલી હજો.

**—શ્રી મયૂરી ટેલર**

# ॥ 'સ્વર્ગારોહણ'માં પારાયણપર્વ ॥

પૂજ્ય શ્રી ''મા'' સૌ સાધકોને અવારનવાર સાધનામાર્ગે જવાના નિત નવા માર્ગો ધરતાં રહે છે. પરમના માર્ગે દોરતાં રહે છે. સૌનું કલ્યાણ કરવાની જવાબદારી જાણે પૂજ્ય શ્રી ''મા'' એ સહર્ષ સ્વીકારી હોય એમ લાગે છે. પૂજ્ય શ્રી ''મા'' પાસેથી આપણે અનેક વાતો શીખવા જેવી છે. જેવી કે, જ્યારે પૂજ્ય શ્રી ''મા'' કોઈપણ પર્વનું આયોજન કરે ત્યારે પોતાનો સમય એ માટે સતત ધરતાં રહે છે. પૂજ્ય શ્રી ''મા'' એ સંકલ્પ કર્યો કે ૧૦૮ સાધકો પાસે ''અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'' સદ્ગ્રંથનું પારાયણ કરાવવું છે. અને આપણને એ સંકલ્પની જાણ થાય ત્યારે એ ખાસ યાદ રાખવું કે ''જાણનારને શિરે જવાબદારી હોય'' તો આપણાં સૌની જવાબદારી વધી જાય છે. કારણ આપણા ગુરુભગવંત આપણી પાસે કોઈ અપેક્ષા રાખતાં નથી. આપણને કોઈપણ કાર્ય માટે આદેશ આપતાં નથી. પણ પ્રેમથી પોકારે છે. બીજું આ કળિકાળમાં આપણને સૌને પૂજ્ય શ્રી ''મા'' સર્વેશ્વરી ''મા''નું સાન્નિધ્ય સહજ પ્રાપ્ત થયું છે. તે આપણું પરમ સદ્ભાગ્ય છે. આજના જમાનામાં આપણને સૌને કૃપાના સિંધુ, દયાના સાગર, કરુણામયી, મમતામયી આપણને સૌને પોતાનાં જ લાગે તેવાં ''મા'' ભગવતી જગતજનની ''મા'' જગદંબા જ પ્રાપ્ત થયા છે. અને એ પ્રાપ્તિ આપણને કોઈ પણ જાતના પરિશ્રમ વિના પ્રાપ્ત થઈ છે. જ્યારે એ પૂજ્ય શ્રી ''મા'' જગદંબાને આ પૃથ્વી પર પ્રગટાવવા માટે પૂજ્ય શ્રી ગુરુભગવંત યોગેશ્વરજીએ લોહીનાં પાણી કર્યાં છે. કેટલી કઠોર તપશ્ચર્યા કરી છે. કેટલા તાપ સહન કર્યા, કેટલી ભૂખ-તરસ



સહન કરી, સાત વર્ષ સુધી રાત્રે લાંબા થઈ સૂતા પણ નથી. અને એ દરેક સાધનાયાત્રાની પ્રામાણિકપણે પોતાને મળેલી સફળતા અને નિષ્ફળતાની નોંધો કરી છે. અને એ નોંધોનો ભંડાર એટલે 'પ્રકાશના પંથે'. ''અધ્યાત્મનો અનસ્ત સૂર્ય''રૂપે શ્રી તરલાબેને મૂળ ગ્રંથમાંથી નવનીત કાઢી આપણને મહાથાળ ધર્યો છે. અને આપણા પૂજ્ય શ્રી ''મા''એ આપણને સૌને એમના ઘરમાં એટલે કે ગુરુના ઘરમાં આપણને આમંત્રણ આપ્યું હતું. એ ગુરુઆજ્ઞા પણ હતી. આપણાં પૂજ્ય શ્રી ''મા'' આપણને ક્યારે આદેશ નથી કરતાં પણ એ એમનો પ્રેમ છે, કે આદેશ કર્યા વગર સ્વેચ્છાએ અને એ પણ ફક્ત ત્રણ દિવસ જ પારાયણ માટે આપણી પાસે માગ્યા હતા અને આપણે ત્રણ દિવસ આપવાના હતા. તે પણ આપણે તત્કાળ આપી ન શક્યા, આજે પૂજ્ય શ્રી ''મા'' કોઈ સંકલ્પ કરે તો આપણે તરત જ આપણાં નામ નોંધાવી દેવા જોઈએ. અને પૂજ્ય શ્રી ''મા''નો રાજીપો પ્રાપ્ત કરી લેવો જોઈએ. પણ આપણે જાણે આપણાં સદ્ગુરુના જીવનમાંથી કાંઈ જ શિખ્યા ના હોય તેવું પ્રતીત થયું !

આપણાં ગુરુ આજ્ઞા કરે, સંકલ્પ કરે, કોઈ કામ સૂચવે તો આપણે એ આદેશ ઝીલવા સદા તત્પર રહેવું જોઈએ આપણે વિવિધ બહાનાં હેઠળ આપણી સગવડતા પ્રમાણે નામ લખાવ્યાં ખરાં પણ આપણે વારે વારે વિભાગના ક્રમ પણ બદલતા રહ્યા. અરે નામ રદ પણ કરી દીધાં. અરે આપણા સંકલ્પો કેવા બોદા ! જાણે વારે વારે બદલાઈ જાય, પવન પ્રમાણે સઢ બદલીએ તેવા ! આ શતાબ્દીપર્વે આપણા ગુરુ આપણી પાસે ક્યાં કશું વધારે માગે છે. અને આ પણ ક્યાં એમના માટે માગ્યું હતું ? પણ આ આપણી પરીક્ષા હતી. આપણા પૂજ્ય શ્રી ''મા'' એક સાથે

અનેક સાધકોનો આત્મિક, આધ્યાત્મિક વિકાસ કરવા માગે છે. આપણને સૌને ઉન્નતિના પથ પર દોરવા માગે છે.

અરે એટલા માટે આવા પારાયણનું આયોજન વિચાર્યું. આ પારાયણ એ પણ એક ભક્તિનો પ્રકાર જ છે. થોડા નિયમો બનાવ્યા હતા. તે નિયમોની પાછળ આપણે જે સદ્‌ગ્રંથનું પારાયણ કરવાના હતા તેના પારાયણ માટે વિવિધ પ્રકારની શુદ્ધિ જરૂરી હશે. એટલે જ સાધનાના પ્રથમ તબક્કે સાધક માટે જે ચાર જરૂરી પાસાં છે. તેમાં આચાર, વિચાર, આહાર, વિહાર આ ચાર પ્રકારની શુદ્ધિ કર્યા પછી જ આપણને પારાયણ કરવાની પાત્રતા પ્રાપ્ત થઈ શકે. આપણને કશું મફતમાં મળે નહીં. અને આપણે પણ મફતમાં કશું લેવાની આશા રાખવી નહીં. આપણા પૂજ્ય શ્રી ''મા''એ પણ ક્યારે જીવનમાં કશું મફત મેળવ્યું નથી. એનું મૂલ્ય ચૂકવીને લીધું છે. પૂજ્ય શ્રી ''મા'' સર્વેશ્વરી આધ્યાત્મિક જીવનમાં પ્રથમ સ્પર્શ પૂજ્ય શ્રી પ્રભુનો પામ્યાં ત્યારે સવા લાખ જપથી એ પૂજ્ય શ્રી પ્રભુનો સ્પર્શ વધાવ્યો હતો ! તેમ આપણે જાતે જ એ વાત મનમાં હંમેશાં યાદ રાખવી કે પાત્રતા પ્રાપ્ત કર્યા વગર કશું મળે નહીં. આપણે પૂજ્ય શ્રી ''મા''નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. પૂજ્યશ્રી'મા'એ પારાયણ માટે આપણને પસંદ કર્યા અને એ પાત્રતા પૂરી પાડવા આપણને થોડી શરતો મૂકીને માનસિક રીતે તૈયાર કર્યા કે આહારનો ત્યાગ કરવો પડશે. એટલે આપણને સૌને પ્રથમ આહારશુદ્ધિ માટે તૈયાર કર્યા. બીજું દરેક લઘુશંકા કે ગુરુશંકા પછી સ્નાન કરવાનું જેથી શરીરની શુદ્ધિ માટે તૈયાર કર્યા, બીજું મૌન પારાયણ હતું એટલે વિચારોની પણ શુદ્ધિ કરાવી અને સ્વર્ગારોહણની બહાર જવાની



મનાઈ છે એટલે વિહારની શુદ્ધિ. ગમે તે જગ્યાએ આપણે જઈએ નહીં આવું આચરણ બધાંએ પાળવું જ પડે. પ્રથમ શરત એ છે કે ચરણમાં જવા આચરણ જોઈએ અને શ્રીચરણમાં જવા આચરણ માટે પણ તૈયાર હોવું જોઈએ; તો જ કશું પણ પ્રાપ્ત કરી શકીશું.

પૂજ્ય શ્રી ''મા''એ કેટલું સુંદર આયોજન કર્યું હતું ! સૌ પ્રથમ તો એ માટે ત્રણ વિભાગ બનાવ્યા જેમાં ૩૬ જેટલા સાધકો માટે અવકાશ હતો. અને વહેલા તે પહેલાને ધોરણે નામ લખાશે તેમ જણાવ્યું હતું. અને પૂજ્ય શ્રી ''મા'' એ સાધકો પાસે કુટિયાને સરસ રીતે શણગારાવી હતી અને તેમાં ૩૬ બેઠકો બનાવી હતી. અને દરેક બેઠકની આગળ સદ્‌ગ્રંથ માટેની બેઠક મૂકવામાં આવી હતી. તેમજ તેની અંદર કોઈને પ્રવેશવાની મનાઈ હતી. જેથી ત્યાંની ભૂમિ રક્ષાયેલી રહે. તેમજ ત્યાં એક બૉર્ડ મૂકવામાં આવ્યું હતું જે પૂજ્યશ્રી ''મા''ના સ્વહસ્તાક્ષરમાં લખીને મૂકેલું બૉર્ડ હતું. જેમાં રોજની ત્રણ બેઠક પારાયણની રાખવામાં આવેલ હતી. તે અંગેની જરૂરી માહિતી હતી. રોજ ૨૫ પૃષ્ઠનું પારાયણ કરવાનું હતું. તેમ દર્શાવેલ હતું. કુલ ૮ બેઠકો હતી જે સવારે ૯ થી ૧૦ અને બપોરે ૧ થી ૨ અને સાંજે ૫ થી ૬ દરમ્યાન પારાયણ માટેની બેઠકોનું આયોજન કરાયું હતું.

અમે તા. ૧૩ થી ૧૫ પ્રથમ વિભાગમાં નામ લખાવેલ હતું. એટલે તા. ૧૨મીના સાંજના ૬.૦૦ વાગ્યાની આસપાસ પહોંચી ગયાં હતાં. જે ઘણું મોડું હતું કારણ આપણે કોઈ લગ્ન પ્રસંગમાં બે દિવસ વહેલા પહોંચી જઈએ છીએ, પણ પારાયણ પર્વમાં અમુક કારણોસર વહેલાં ના પહોંચી શક્યાં. એટલે પૂજ્ય

શ્રી ''મા''ની પાસે આ અપરાધ માટે ક્ષમા માગું છું. અમને રસ્તે પૂજ્ય શ્રી ''મા''નો દિવ્ય સંદેશો પણ મળેલો, કે કેટલા વાગે પહોંચો છો ? કેટલી કાળજી રાખે છે. પૂજ્ય શ્રી ''મા'' ! આપણે કલ્પના પણ ના કરી શકીએ. કેટલું સુકોમળ હૃદય પૂજ્ય શ્રી ''મા''નું છે (કમળ થી યે કોમળ) તે આપણે વિચારી પણ ના શકીએ. આપણે સગાંને ત્યાં કોઈ પ્રસંગમાં જઈએ ત્યારે કોઈ સગાંનો ફોન આવ્યો હોય એવું યાદ નથી. પણ આપણાં પૂજ્ય શ્રી ''મા'' આખી દુનિયામાં બધાના બધા જ સારા કે નરસા પ્રસંગે જ્યાં જરૂર હોય ત્યાં પૂજ્ય શ્રી ''મા'' ક્યારે પ્રસંગ ચૂકતાં નથી. બધાં પર એકસરખો પ્રેમ વહાવીને બધાંને પોતાનાં કરી લે છે. અને છતાં બધાંથી અલિપ્ત ! એવા એક વિસ્મયકારી ''મા'' જગદંબા જ છે. પણ આપણી પાસે એ દૈવીરૂપ જોવાની શક્તિ નથી, આપણી ભક્તિ નથી, આપણી પાત્રતા નથી, એટલે આપણે એ દર્શન પામી શકતાં નથી.

તા.૧૩/૦૭/૨૧ના રોજ એ ઘડી આખરે આવી ગઈ જેના માટે સૌ સાધકો ઉત્સુક હતા. સવારની બેઠકમાં સૂચના મળી કે પૂજ્ય શ્રી ''મા'' પાસે બેઠકમાં જવાનું છે. અને ત્યાં પૂજ્ય શ્રી ''મા''નાં દર્શન અને આશીર્વાદ માટે જવાનું હતું. સૌ સાધકો ત્યાં સમયસર પહોંચી ગયા. પૂજ્ય શ્રી ''મા'' શ્વેત વસ્ત્રોમાં સજ્જ હતા. પૂજ્ય શ્રી ''મા''ના ચહેરા પર એક નાના બાળક જેવી નિખાલસતા છે. પૂજ્ય શ્રી ''મા''ના મોહક હાસ્યમાં એક આકર્ષણ છે પૂજ્ય શ્રી ''મા''ની સામેના એક નાના ટેબલ પર પ્રસાદની ગોઠવણ કરેલ હતી. અને પારાયણ માટે જે ભૂદેવો પધાર્યા હતા તેઓ માટે પીતાંબરનો પ્રસાદ હતો તે સિવાય પણ પ્રસાદની હેલી વરસાવી હતી. એમાં એક નાની બૅગ હતી. જેના



પર ''વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવનસહારો'' અંકિત કરેલું હતું. તે થેલીમાં સદ્ગ્રંથ માટે સફેદ આસન માટે રૂમાલ હતો, એક કિચેઈન હતી. એક 'સ્વામી વિવેકાનંદની વિચારશક્તિ' નામનું નાનું પુસ્તક હતું. એક નાની પ્લાસ્ટિકની બૅગમાં સીંગદાણા અને રેવડીનો પ્રસાદ હતો. એક એકદમ નાની 'નિર્ભય બનો' નામની પુસ્તિકા હતી. એક પૉકેટ ડાયરી હતી. એક બુકમાર્ક હતું જેના પર 'ૐ યોગેશ્વરાય નમઃ અને શતાબ્દી પર્વ-૨૦૨૧' અંકિત કરેલું હતું. ભૂદેવોનું લાયસન્સ એટલે કે જનોઈ પણ હતી, તેમજ એક પાત્રતાપાસ જેવો એક ખેસ પણ આપેલ હતો ! જે શરીરની રક્ષા તેમજ પારાયણહૉલમાં પ્રવેશવા માટેનો પાસ હતો. જેના વગર કોઈ પારાયણહૉલમાં પ્રવેશી ના શકે. હવે બધાં ઝડપથી પૂજ્ય શ્રી ''મા''ના આશીર્વાદ પામી સૌ સ્નાન કરી સ્વચ્છ વસ્ત્રોમાં પારાયણ માટે સજ્જ થયા. સૌને જે જગ્યાએ પારાયણ કરવાનું આસન હોય તે જ જગ્યાએ પારાયણની પૂર્ણાહુતિ સુધી એ જ આસન રાખવાનું હતું. એ ખૂબ સારી વ્યવસ્થા હતી.

સવારે ૯ વાગ્યે નવ મંત્રગાનથી અને વરદ હસ્તની પ્રાર્થનાથી પારાયણની બેઠક પ્રારંભ પામી. સૌ ભૂદેવો ધોતીમાં સજ્જ હતા, મેં મનોમન પૂજ્ય શ્રી પ્રભુને પ્રાર્થના કરી કે આ પારાયણમાં મને અનુભૂતિ કરાવજો. અને પૂજ્યશ્રી પ્રભુ પ્રાર્થના સાંભળે છે. તે પહેલી બેઠકમાં જ પ્રતીત થયું. કારણ પહેલી બેઠકમાં પારાયણમાં એ જ્ઞાન થયું કે નેત્રો બરાબર સાથ આપતા નહોતાં. અને પારાયણની પહેલી બેઠક પૂર્ણ થવાને આરે હતી. મને સંતોષ ના થયો કે જાણે અજાણે આ સદ્ગ્રંથને અન્યાય કરી રહ્યો છું. પણ જેવી બેઠક પૂર્ણ થઈ અને થોડીવારમાં જ પૂજ્ય

શ્રી ''મા''નો દિવ્ય સંદેશો પ્રાપ્ત થયો કે વિશેષ બેઠક ૧૧.૦૦ થી ૧૧.૩૦ દરમ્યાન ફરી પારાયણ માટે આયોજિત કરી છે. અને હું એટલો બધો ગદ્‌ગદિત થયો અને ભાવવિભોર થઈ ગયો, કે પૂજ્ય શ્રી પ્રભુએ આપણી આ નાની પ્રાર્થનાનો પણ જાણે તત્કાળ પ્રત્યુત્તર આપ્યો છે. મને સોનલબેને એક ચશ્મા આપ્યા અને એ તદ્દન મને અનુકૂળ હતા. જે નેત્રોને સહાયક થયા. અને ફરીથી ૨૫ પૃષ્ઠોનું પારાયણ કર્યું. અને એ પછી બેઠકમાં તો દરેક પૃષ્ઠ જાણે જીવંત સ્વરૂપે દેખાવા માંડ્યાં ! અને 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'ની નોંધેલી દરેક ઘટના જાણે આંખ સામે જ બનતી હોય, જીવંત જોતા હોઈએ તેમ અનુભવ્યું.

જમવામાં ફળાહાર હતો. અને આ પારાયણમાં એક વિશેષતા એ હતી કે નવા પ્રગટ થયેલ ૬ બાળ દેવતાઓ અને તારકભાઈના સ્વરૂપ તરફથી આ આયોજનમાં તેઓની શ્રીલક્ષ્મીથી સત્કર્મ થવાનું હતું. કેટલા ભાગ્યશાળી છે, તે સૌ કે જન્મતાં જ પૂજ્ય શ્રી'મા'ના આયોજનમાં સહાયક થવા સહભાગી બન્યાં ! અને એ બધાંના ફોટામાં તે સૌ પારાયણ કરવા બેઠાં હોય તેવાં તોરણ બનાવેલ હતાં ! તે જોતાં એમ પ્રતીત થયું કે આ પારાયણમાં જો ભાગ લેવો હોય તો એક નાના બાળકની જેમ નિર્દોષ બનીને, વિચારશૂન્ય બનીને પારાયણ કરવાનું છે. અથવા તો આપણે પણ એ બાળક જેટલા જ જ્ઞાની છીએ. તેમ સમજી પારાયણ કરવાનું છે. તો એ આપણા સૌ માટે જાણે સૂચક સંદેશ હતો. એમ મારું માનવું છે. અને એવી વિચારશૂન્યતા પ્રાપ્ત થાય એટલે નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થઈ એવું હું માનું છું.

ફળાહાર એટલે એક પ્યાલો દૂધ કે એકાદ ફળ એવું આપણા



મનમાં હોય. પણ અરે પૂજ્ય શ્રી ''મા'' એ સૌ સાધકો માટે ફળાહારનો ભંડાર ખોલી દીધો હોય તેમ લાગ્યું જ્યારે ભોજનની થાળી પર બેસવાનું થયું. ફળમાં કેળાં, સફરજન, નાસપતિ, પપૈયું, સીંગદાણા, સીંગનો લાડુ, બદામપુરી, દહીં, ખજૂર, અને સાંજે મેંગો જ્યુસ તેમજ અન્ય ફળો તો ખરાં જ ! અરે આંખમાં આંસુ આવી જાય કે હે 'મા', આપ આપના બાળકોને કેટલું સાચવો છો ! કેટલી ચિંતા કરો છો. કે રખેને મારું બાળક ભૂખ્યું તો નથી રહેતું ને ? આ દુનિયામાં કયા એવા સદ્‌ગુરુ છે. જે આપણને આટલાં લાડ લડાવે ! હે ''મા'' જ્યારે પૂજ્ય શ્રી પ્રભુની અનુભૂતિઓનું પારાયણ કરીએ ત્યારે ખ્યાલ આવે પૂજ્ય શ્રી ભોજનમાં પાણી સાથે રોટલી લેતા. ખાલી પાણી ઉપર ઉપવાસ કરતા અને તે પાણી પણ એક જ વાર પીવાનું. પણ આ તો ''મા'' છે. તે અતિ સુકોમળ હૃદય ધરાવે છે. તે અતિ સંવેદનશીલ છે. પૂજ્ય શ્રી ''મા'' સાધકો માટે કેટલું વિચારે છે અરે આમાં બે વાનગી તો પૂજ્ય શ્રી ''મા'' એ ઉમેરાવડાવી હતી. અને એ બધું પણ જેટલું ખાવું હોય તેટલું ! પણ પૂજ્ય શ્રી'મા'ને એમ હશે કે આ બધું કરીને પણ જો સાધક પારાયણ કરવા બેસે અને એને પૂજ્યશ્રી માટે ભાવ થાય. પણ આપણે હજુ કાચા પાડીએ છીએ. અરે પૂજ્ય શ્રી 'મા' તો એમની યશકલગીમાં એક પછી એક પીંછાં ઉમેર્યા જ કરે છે. પૂજ્ય શ્રી ''મા''એ ૧૨ વર્ષમાં ૪૪૩૦ જેટલા નિર્જળા વ્રત કર્યાં છે. જે કદાચ આ પૃથ્વી પર એક બે સદ્‌ગુરુ હશે જેમણે આવી કઠોર સાધના કરી હોય. આભાર પૂજ્ય શ્રી ''મા'', આપે આટલા સુંદર ફળાહારનું આયોજન કર્યું. સાચું કહું તો ખાવાનું નથી ખાતા અને ફળાહાર કરીએ છીએ એવું તો ક્યારેય યાદ જ

નથી આવ્યું. પૂજ્ય શ્રી ''મા''એ શક્તિપાત સૌ સાધકો પર કર્યો હશે જ. સૌ સાધકો પર અનન્ય કૃપા-અનુગ્રહ વરસાવ્યાં હશે જ, તો જ આ બેઠકમાં સમયસર આવી શક્યાં, અને પારાયણ કરી શક્યાં. જે તે વિભાગમાં ભાગ લઈ શક્યાં, આપણે તો પૂજ્ય શ્રી ''મા''ના આ પદ પ્રમાણે સતત ગાયા કરવું જોઈએ જે મને તો મારા જીવન જોડે બંધબેસતું જ લાગે છે.

**''વિકાર વાસના નિત્ય સતાવે**
**પરવશ રોગ બનાવે**
**જીવન નિરસ લાગે મુજને**
**તેથી શરણે આવ્યો..તમારા શરણમાં હું આવ્યો.**
**દુષ્કૃત્યોનું સ્મરણ કરીને**
**કાળજું મારું કંપે**
**પતિતપાવન આપ છો સાચે**
**જાણી શરણે આવ્યો. તમારા શરણમાં હું આવ્યો.''**

પહેલા દિવસે રાત્રે જપયાત્રાના બદલે ધૂનકીર્તનનો પ્રયોગ હતો. અને બીજે દિવસે પણ એ જ ક્રમ રહ્યો એ દિવસો પણ ખૂબ આનંદથી પસાર થયા. બીજે દિવસે એ જ પ્રમાણે કાર્યક્રમ હતો. એ દિવસે પૂજ્ય શ્રી ''મા''એ એક સરસ સેવા આપી હતી. ૨૦૧૨માં શ્રી ગંગાજીકિનારે જે પારાયણ કર્યું હતું તેમાં પૂજ્ય શ્રી ''મા''ની સ્લેટ ચાલી હતી તેની કૉપી કાઢવાની હતી પરંતુ પૂજ્ય શ્રી ''મા''એ એમાં જરૂરી સુધારા કરેલ હતા. તે ફરીથી સુધારવાનું કામ શરૂ કર્યું તે લગભગ રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી ચાલ્યું હતું. જાણે પૂજ્ય શ્રી ''મા''એ વિશેષ કૃપા કરી એ સ્લેટનું ફરીથી પારાયણ કરવાનું સદ્ભાગ્ય આપ્યું.



ત્રીજો દિવસ આવ્યો અને એ દિવસે બે જ બેઠક હતી. આ સમય ખૂબ જલ્દી ભાગે છે. બીજું એક સરસ આયોજન એ થયું હતું કે ત્યાં પૂજ્ય શ્રી દ્વારા રચાયેલ સદ્ગ્રંથો વેચાણ માટે મૂકેલા હતા જે દરેકે ખરીદવાના હતા એક કે બે જે ખરીદવા હોય તે અને તે પોતાની પાસે ઉપલબ્ધ હોય તો આજુબાજુ શાળાના પુસ્તકાલય અથવા જાહેર પુસ્તકાલયમાં ભેટ આપવાનું સત્કર્મ કરવાનું હતું. આ ઉત્તમ વિચાર હતો. પોતાના ગુરુને જગમંચે પ્રગટાવવા માટેનો ઉત્તમ પ્રયાસ છે. એમ મને લાગે છે. સૌથી અગત્યની પૂજ્ય શ્રી ''મા''ની સંનિધિમાં બેઠક હતી. તે બેઠકમાં પૂજ્ય શ્રી ''મા''એ સૌ પારાયણમાં ભાગ લેનાર સૌને પોતાની અનુભૂતિ કહેવા માટે કહ્યું હતું. સૌ બોલવા ઊભાં થાય ત્યારે વિચારશૂન્ય થઈ જતાં હોય તેમ લાગ્યું કારણ પૂજ્ય શ્રી ''મા'' પાસે જાય ત્યારે એ પ્રેમ ફક્ત અશ્રુરૂપે વહે જતો હતો. થોડા ઘણા જે બોલ્યા તે જે પૂજ્ય શ્રી ''મા''ની આજ્ઞાથી અને પૂજ્ય શ્રી ''મા''ની ઈચ્છા અનુસાર બોલી શક્યા હશે. હું એવું માનું છું કે પૂજ્ય શ્રી ''મા'' સ્વયં ભગવાન જ છે. પણ આપણે એ ભગવાનના સાન્નિધ્યમાં કશું વિશેષ કરી શકતા નથી. એ આપણું દુર્ભાગ્ય છે. પ્રકટ પરમાત્મા હોય ત્યારે ઓછી સાધનામાં પણ વધારે ફળ મળી શકે. આ લાભનો સોદો આપણે ગુમાવવો ના જોઈએ. પૂજ્ય શ્રી ''મા'' કહે છે. ૬ મહિના ઘરે સાધના કરો અને એ જ સાધના સ્વર્ગારોહણમાં ફક્ત ૬૦ થી પણ ઓછા દિવસમાં સફળ કરી શકો. તો સ્વર્ગારોહણમાં જ તપ કરવું એમ હું માનું છું. અને એક વાત તો પારાયણમાંથી શીખવા મળી કે કરવું તો આપણે જ પડશે. તો જ પામીશું. અને સ્વર્ગારોહણમાં ભલે એક દિવસ માટે કે પછી એક મહિના માટે

આવ્યા હોઈએ, પણ એ તીર્થમાં આપણે એક એક ક્ષણનો સાધના માટે ઉપયોગ કરવો જોઈએ. ત્યાં સંસારી વાતો કરીને એ તીર્થનું વાતાવરણ બગાડવું ન જોઈએ. તીર્થની શાંતિનું હરણ ન કરવું જોઈએ. આપણે આશ્રમમાં જઈએ તો આશ્રમની જેમ રહેવું જોઈએ. એવું મને પ્રતીત થાય છે. પૂજ્યશ્રી પ્રભુના જીવનમાંથી એક નાનો સદ્‌ગુણ અપનાવતા જઈએ. અને નાના નાના નિયમોથી આપણા જીવને શણગારવું જોઈએ. મેં પણ મારા એક વ્યસન કૉફીનો ત્યાગ કર્યો.

હે પૂજ્ય શ્રી ''મા'', આપ અમારી પાસે આવાં અનેક પારાયણો, પાઠ, જપ, તપ, યાત્રા આધ્યાત્મિક જગત માટે જે જે જરૂરી સાધના હોય તે કરાવી લેજો; પણ અમને પા પા પગલી પડાવજો, વામનમાંથી વિરાટ બનાવજો, અમારે માટે જે કલ્યાણમાર્ગ હોય તે માર્ગે અમારા જીવનરથના આપ સારથિ બની આ જીવનરથને દોરજો. એ જ અહર્નિશ આપનાં શ્રી ચરણોમાં પ્રાર્થના..કોટી કોટી પ્રણામ..હે પૂજ્ય શ્રી ''મા'', આ આપના બાળનો હાથ આપ જ પકડી રાખજો જેથી હું છોડાવી ના શકું. આપનું અનંત સાન્નિધ્ય આપજો. હે મા, આપના ચરણોમાં ચાકર થઈ રહેવા માગું છું.

આ પારાયણ પછી એક પદની પંક્તિ સતત મનમાં રમ્યા કરે છે :

'ગુરુચરણની ધૂળ હું તો, ગુરુચરણની ધૂળ
ઊઘડ્યું મારું ભાગ્ય મનોહર, ઘડી મળી અણમોલ.'

**—શ્રી અશ્વિન કાકા**



# ॥ આધ્યાત્મિક ઉન્નતિનો મંગલ માર્ગ ॥

પૂ.શ્રીના શતાબ્દી પર્વે 'મા'ની કૃપાથી અમને પૂ.શ્રીના ''અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'' ગ્રંથના ત્રણ દિવસીય પારાયણનો અમૂલ્ય લાભ મળ્યો.

પારાયણની બેઠકનો પ્રારંભ નવ મંત્રગાન અને વરદ હસ્ત...પ્રાર્થનાથી મા-પ્રભુનો વરદ હસ્ત અમારા શિર ઉપર હોય તેવો આનંદ થતો. રાજાશાહી ફળાહાર અને ૩-૪ સમય સ્નાનથી શરીર ખૂબ હલકું લાગતું હતું. એટલે પારાયણ કરવામાં ખૂબ આનંદ આવતો હતો. પારાયણ વખતે પવિત્રતા અને સ્વચ્છતા માટે પૂ.શ્રી'મા' એ જે પણ સૂચનાઓ આપી હતી તે સઘળી અમારા જીવનની જાગૃતિ માટે હતી. 'મા' એ રીતે મોબાઈલ, નિંદા અને અર્થ વિનાની વાતોનું પણ સહજ મૌન પળાવ્યું. અમારા તન અને મન બંને નિરોગી રહ્યાં.

પારાયણ કરતાં કરતાં સતત એવું થયા કરતું હતું કે પૂ.શ્રી એ દરેક પ્રતિકૂળ પરિસ્થિતિમાં નિરાશ થયા વિના કોઈપણ ફરિયાદ વિના કઠોરતમ સાધના કરીને પૂ.શ્રી'મા'ને પ્રગટાવ્યાં અને એ 'મા' અમારી સાથે જ છે. તો અમે જાગીએ અને 'મા'ની દિવ્ય શક્તિનાં દર્શન કરી શકીએ એ માટે 'મા' પૂ.શ્રી જેવો પ્રેમ અમારા હૃદયમાં પણ જગાડજો. અમે પણ ખૂબ સાધના કરીએ તેવી કૃપા કરજો.

આ પારાયણમાં અમને એ પણ સમજાયું કે પૂ.શ્રી'મા'ના દરેક કાર્ય પાછળ 'મા'ની સૂક્ષ્મ દૃષ્ટિ આપણી આધ્યાત્મિક ઉન્નતિની હોય છે. આ પારાયણ એ માટેનો જ એક મંગલ માર્ગ હતો.

**—શ્રી આશિષભાઈ જોશી**

## ॥ પ્રત્યેક ઘટના-પ્રભુપ્રસાદી ॥

'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'ના અમૃતબિંદુનું પાન કર્યા પછી એમ ચોક્કસ થાય કે ''પ્રકાશનાં પંથે'' મહાગ્રંથરૂપી જે અમૃતઘડો છે તેનું પાન કરવું જોઈએ. 'પ્રકાશનાં પંથે' મહાગ્રંથનાં ઘણા પ્રસંગો સમયાંતરે વાંચ્યા છે પરંતુ આ રીતે પારાયણ કરવાથી ખૂબ જ જાગૃતિ જીવનમાં આવી શકે છે તે આ પારાયણ દ્વારા જાણ્યું. પ.પૂ.શ્રી ગુરુદેવભગવંતની પરમાત્માને મેળવવાની ધ્યેયપ્રાપ્તિ માટેની જીવનમાં જે જાગૃતિ, તલસાટ હતો, ઝંખના હતી તેનું દર્શન ખૂબ સરસ રીતે આ મહાગ્રંથના પારાયણ દ્વારા થઈ શક્યું. આ પારાયણ દ્વારા જીવનના દરેક તબક્કે મહાપુરુષો દરેક ઘટનાને પરમાત્માની પ્રસાદીરૂપ મૂલવવાની પરમાત્માની ઇચ્છા ગણીને જ સ્વીકારવાની બાબત અનન્ય રીતે પ્રેરણાસ્વરૂપ છે. પ.પૂ.શ્રીશ્રી ગુરુદેવ ભગવંતના શતાબ્દીપર્વે પ્રકાશનાં પંથે મહાગ્રંથનું પારાયણ કરવાની તક/સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય એવી જ આપનાં શ્રીશ્રી ચરણોમાં પ્રાર્થના. કોટી કોટી પ્રણામ.

'અધ્યાત્મનાં અનસ્ત સૂર્ય'ના પારાયણની આ અમૂલ્ય તક માટે આપનાં શ્રી શ્રી ચરણોમાં અનંત કોટિ કોટિ પ્રણામ.

**—શ્રી આશિષભાઈ ગોહિલ**

❀

## ॥ માનવજીવન : પ્રભુદત્ત મહામૂલી મૂડી ॥

તા.૧૯, ૨૦, ૨૧ જુલાઈ ૩ દિવસ સ્વર્ગારોહણની તપોભૂમિમાં પૂ.'મા'ના સાન્નિધ્યમાં અધ્યાત્મના અનસ્ત સૂર્યનું



પારાયણ પરમ પૂજ્ય'મા'ની અસીમ કૃપાથી સંપન્ન થઈ શક્યું તેનો આનંદ છે. સાધકો ઉત્સાહભેર પારાયણમાં ભાગ લઈ શકે તે માટે પ.પૂ.'મા' અને સ્વર્ગારોહણના સેવકોએ જે મહેનત કરી છે તે બદલ પૂ.'મા'ને Thank you શબ્દ પણ ઓછો પડે. હૉલમાં સરસ મઝાનો શણગાર અને બેઠકવ્યવસ્થા જોઈ મન આનંદવિભોર થઈ ગયું અને 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'નું રસપાન કરી શકાયું તે ફક્ત અને ફક્ત પરમ પૂ.'મા'ના પ્રેમ, કૃપા અને આશીર્વાદને કારણે શક્ય બન્યું.

૯ વર્ષની નાની ઉંમરમાં પિતાજીનો સ્વર્ગવાસ થયો અને આ નાના બાળકે ધ્યેય ખૂબ ઊંચું રાખી, આદર્શ જીવન જીવવાનો સંકલ્પ કર્યો. હિમાલયની પુણ્યભૂમિમાં જગદંબાની પ્રાપ્તિ માટે કેટલાય કષ્ટો સહન કર્યા અને કેટકેટલા પોકારો, અને પ્રાર્થનાનો આધાર લીધો તેનું વર્ણન અને રસપાન કરી એટલું તો અવશ્ય જાણી શકાયું કે ઈશ્વરે જીવનરૂપી મહામૂલી જે મૂડી આપી છે તે જીવનને જેમ તેમ જીવી કાઢવા માટે નથી આપ્યું. સતત જાગૃતિ, કડક આત્મનિરીક્ષણ, ધૈર્ય, હિંમત, સાહસ અને બીજા માનવીઓ પ્રત્યેનો પૂ.શ્રીનો નમ્રતાથી ભરેલો માનવીય વ્યવહાર આપણને સ્પર્શી જાય છે.

પૂ.શ્રી જાણે ભક્તોને સૂચવી રહ્યા છે કે જીવનમાં ગમે તેટલાં કષ્ટો, મુશ્કેલી અડચણ આવે તેનાથી વિચલિત થવાનું નથી, અને અતૂટ શ્રદ્ધાથી જીવનપંથ પર આગળ વધવાનું છે. પરમાત્મા આપણી સાથે છે જ અને તેમની કૃપા પણ આપણા પર

છે જ તે ભૂલવાનું નથી. પૂ.'મા' પ્રભુનાં ચરણોમાં બાલ ગૌતમના પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**–શ્રી ગૌતમભાઈ**

❋

## ॥ ગાઉં નિત્ય ગુણાનુવાદ ગુરુ હે ! ॥

'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'ના પારાયણમાં પૂ.શ્રીનું સુખદ સાન્નિધ્ય પ્રાપ્ત થયું. પૂ.શ્રીની પ્રકાશના પંથેની યાત્રા ખૂબ જ વિકટ પણ નિશ્ચિત ધ્યેયને પ્રાપ્ત થનારી છે. હે પ્રભુ, અમને પણ એવા નિશ્ચિત ધ્યેયવાળા. નીડર, નિર્ભય સતત આપના પથ પર પગલાં પડાવતા રહેજો. હે અનસ્ત સૂર્ય યોગેશ્વરજી ! અમારા જીવનપંથને સતત અજવાળતા રહેજો. આ પારાયણ દરમ્યાન પૂ.શ્રીના વિવિધ પાસાં, એક મહામાનવ તરીકે તેમના વ્યક્તિત્વને નિખારતા અનુભવો જાણવા ને માણવા મળ્યા જીવનમાં કોઈપણ પ્રસંગમાં કોઈની પણ શેહ કે શરમમાં આવ્યા વગર, પ્રલોભનોમાં લપટાયા વગર ધ્યેયપ્રાપ્તિ માટે મંડ્યા રહેવું. અનેકવાર દર્શન ના મળવા છતાં નિરાશ થયા વગર સાધનામય રહેવું. પૂ.શ્રીને જગદંબાનું દર્શન-રિદ્ધિ-સિદ્ધિ-નવનિધિ-અષ્ટસિદ્ધિ તો ૧૯૪૭માં મળી ચૂકી હતી, છતાં ૧૯૪૭ થી ૧૯૭૦ સુધી નિરાશ થયા વગર મંડ્યા રહેવું. હે પ્રભુ આપના આ ધીરજના ગુણને પ્રણામ, સર્વ રિદ્ધિ, સિદ્ધિ મળવાં છતાંય ક્યારેય પોતાના સુખ માટે કદીય જગદંબા પાસે યાચના ના કરી માત્ર દર્શનના એક જ વરદાન માટે અહર્નિશ



તપ્યા. સઘળા સંકટ સહ્યા. હે પ્રભુ ! આપના આ નિર્મોહી, અચલ, એકનિષ્ઠ ગુણ. એ અમને સતત મંડ્યા રહેવા માટે બળ આપતું રહે. હે પ્રભુ, પ્રણામ, પ્રણામ, પ્રણામ. સતત 'મા'નું દર્શન અને વિશ્વનું કલ્યાણ પ્રાર્થતા શિવસ્વરૂપ યોગેશ્વરને પ્રણામ, પ્રણામ, પ્રણામ. જ્યોતિર્મયી માતાજીને સાથે રાખીને સેવાનો આદર્શ સ્થાપનાર યોગેશ્વરજી, માતૃભક્ત યોગેશ્વરજીને પ્રણામ.

હે 'મા', આપે આ પારાયણ કરાવીને પૂ.શ્રીનાં ગુણો, ભાવો અને વિચારોની નજીક જવાનો અવસર આપ્યો હે 'મા' આપને. પ્રણામ, પ્રણામ, પ્રણામ.

સહુ કાંઈ વાંચીને, અનુભવીને બસ એક જ ધ્રુવપંક્તિ સ્ફુરે છે :

'ગાઉં નિત્ય ગુણાનુવાદ ગુરુ હે ! સ્વીકારજો વંદના.'

**–શ્રી તારકભાઈ વ્યાસ**

❋

## ॥ પ્રભુના યજ્ઞકાર્યમાં નિમિત્ત બન્યાનો આનંદ ॥

તા.૧૯/૭/૨૦૨૧ થી તા.૨૧/૭/૨૦૨૧–'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય : શ્રી યોગેશ્વર'ના પારાયણમાં મારી પસંદગી કરવામાં આવી અને નિર્વિઘ્ને પારાયણ પૂર્ણ થઈ શક્યું કારણ કે પૂ.'મા'-પ્રભુની સંપૂર્ણ કૃપા અમારા પર વરસતી હતી તે અનુભવાયું. ૮૦ વર્ષે, પગની તકલીફ છતાં પલાંઠી વાળી બેસી શકાયું તે આપની જ કૃપા છે.

—પ્રભુની સાધના-પ્રભુના જીવનમાંથી શીખવા મળ્યું કે જીવનમાં કોઈ એક ધ્યેય નક્કી કરો. તેને માટે અથાગ પુરુષાર્થ કરો.

—ગમે તેટલાં વિઘ્નો આવે પણ નિરાશ થયા વગર પ્રયત્નો ચાલુ રાખવા.

—પ્રભુના જીવનમાંથી સાદાઈ, નિયમિતતા, ધૈર્ય, નિયમ પાલન, માતૃદેવો ભવઃ, શરીરને સ્વસ્થ રાખવા વ્યાયામનું મહત્ત્વ, મનને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા સદ્‌ગ્રંથોનું વાંચન. જગદંબામાં અખંડ શ્રદ્ધા, દેશભક્તિ, વગેરે ગુણો આપણામાં કેળવવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

પૂ.'મા' સર્વેશ્વરી પ્રત્યે પૂ.પ્રભુનો નિસ્વાર્થ પ્રેમ. પૂ.'મા' જગદંબાનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેવો અખંડ ભાવ, પૂ.'મા'એ કરેલી પૂ.માતાજીની અખંડ નિસ્વાર્થ સેવા વગેરે. પૂ.'મા'ની આજ્ઞાનું પાલન કરવું. પૂ.'મા'નું શરીર ચિન્મય છે. ગંગાજીનું જળ સામાન્ય જળ નથી. પૂ.'મા' સર્વેશ્વરી પૂ.'મા'ને સામાન્ય વ્યક્તિ સમજવાની કદીયે ભૂલ ના કરવી.

હે 'મા' પ્રભુ અમે તો અનેક દોષોથી ભરેલા છીએ. અમારા અપરાધોને ક્ષમા આપો. તમારા યુગકાર્યમાં અમને નિમિત્ત બનાવો. અમારા તન-મન-ધનની રક્ષા કરો.

અમને આદર્શ માનવ બનાવો. મા-પ્રભુનાં શ્રી ચરણોમાં અખંડ શ્રદ્ધા, ભક્તિ અર્પણ.

**—શ્રી રંજનાબેન ઠાકર**

## ॥ સમયનો સદ્-ઉપયોગ ॥

'સ્વર્ગારોહણ'માં પારાયણમાં આવી શકાયું તે માત્રને માત્ર પૂ.



માની કૃપા As usual નોકરિયાત વર્ગને રજાના પ્રશ્ન હોય, પણ હું અને બોસ સાથે જ ગાડીમાં જોબ પર જતા હતા અને Whatsapp પર ત્રીજા ગૃપમાં મારું નામ વાંચતાં જ અંતરમાં આનંદ થઇ ગયો, હિંમત કરીને બોસને કહી દીધું કે તા. ૧૯-૨૦-૨૧ હું લીવ લઇશ. ત્યારે તો તેમણે કંઇ ન કહ્યું પણ પછી પૂછ્યું; 'તીન દિન ક્યા કરેગા?' તો મેં જણાવ્યું કે 'હમારે સદ્‌ગુરુકા પુસ્તક હૈ ઉસકા પારાયણ કરેંગે ઓર પવિત્ર હો કે ગૃપમેં કરેંગે.'

મનમાં હતું કે ચાર બેઠકમાં ચાર વાર નહાવાનું હશે તો ૪ ૩=૧૨ જોડી કપડાં જોઇશે. તો આ વખતે મેં યાદ કરીને કપડાં પૅક કર્યા જેમાં પૂ. માએ મારા લગ્ન વખતે સ્વર્ગારોહણમાં જૂના આવાસમાં એક ધોતિયું સ્નેહલતા માસીના હાથે અપાવેલું તે પણ લીધું. પહેરતાં તો આવડતું ન હતું તો યુટ્યુબ પર રાત્રે વિડીયો જોયો. પછી થયું કે ભૂદેવો તો ઘણા હશે કોઇની પાસેથી શીખી લઇશું સોમવારે સવારે શ્રી કીર્તનભાઇ મળી ગયા તેમણે મને ધોતિયું પહેરાવી દીધું.

પ્રથમ બેઠકમાં પારાયણની શરૂઆત કરી તો મેં તો પ્રસ્તાવનાથી જ સ્ટાર્ટ કર્યું તો નિવેદન, પ્રાસ્તાવિક ૧૦ પેઇજ તો પ્રથમ બેઠકમાં ૧૧ ચેપ્ટર જ પારાયણ થયું પણ ૧૧ થી ૧૧.૩૦ માં કવર થઇ ગયું.

પારાયણ સાથે સાથે નિત્ય નિયમ જેવાકે વંદના, પ્રણામ, પ્રાર્થના, પ્રદક્ષિણા બધું જ થઇ શક્યું. ઉપવાસ અંતરાય ન બનતાં સહાયક સાબિત થયા કારણ કે પારાયણ વખતે ક્યારેય ઝોકાં, આળસ કે કંટાળો નથી આવ્યો.

**—શ્રી અરુણભાઇ**

## ॥ પ્રેરણાદાયક મહાગ્રંથ ॥

'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય' : શ્રી યોગેશ્વર એ મહાન ગ્રંથનું પારાયણ કરવાનો સુવર્ણ અવસર સ્વર્ગારોણમાં પૂજ્ય મા-પ્રભુના કૃપાઅનુગ્રહથી પ્રાપ્ત થયો તે બદલ પૂજ્ય શ્રી મા-પ્રભુનો હૃદયપૂર્વક આભાર માનું છું.

સ્વર્ગારોહણની પવિત્ર ધરતી પર આવતાં જ જાણે તન–મન-વિચારો બધું જ પવિત્ર, દિવ્ય, ઈશ્વરાભિમુખ થવા લાગે, ખૂબ શાંતિ લાગે. જેમ પક્ષીઓ મુક્તપણે આકાશમાં ઉડતાં હોય, સુમધુર કલરવ કરતાં હોય, એમ અમારું શરીર, મન પણ આનંદિત થઈ ઉઠે છે. પૂજ્ય શ્રી મા-પ્રભુના દિવ્ય સાન્નિધ્યમાં રહીને અમારી બધી જ ચિંતા, ક્લેશ, કષ્ટ, પરિતાપ કે વિપત્તિ ભસ્મીભૂત થઈ જાય છે. હે મા-પ્રભુ ગુરુ અને માતાપિતા બનીને જીવનના રખેવાળ થઈ ગયાં છો. જીવનને યોગ્ય દિશામાં વાળી લો છો અને આપની અમીભરેલ અમીદૃષ્ટિ સદાય અમારા જીવન પર રાખજો જેથી અમે બધાં જ રક્ષાયેલાં રહીએ.

'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'-શ્રી યોગેશ્વર એ મહાગ્રંથ અમને પ્રાપ્ત થયો અને અમે આ ગ્રંથનું પઠન કરીને ધન્ય બન્યાં. તે માટે અમે શ્રી યોગેશ્વર પ્રભુના, પૂજ્ય શ્રી માના જન્માંતરના ઋણી છીએ. સર્વે મનુષ્યને પ્રેરણા આપતો, આંખ ઉઘાડનારો ગ્રંથ આપણને પૂજ્ય શ્રી યોગેશ્વરજીની કૃપા થકી તેમજ પૂજ્ય શ્રી માના પરિશ્રમ થકી પ્રાપ્ત થયો છે.

ઈશ્વર પ્રત્યે ભક્તનો પ્રેમ, ભક્તની વિશેષતા, બુદ્ધિનો વિવેક, આદર્શ ભક્ત કેવો હોવો જોઈએ? પરોપકારી જીવન, ભક્તનું જીવન કેવું હોવું જોઈએ? ભક્તિયોગ કોને કહેવાય?



અનન્ય ભક્ત કેવો હોવો જોઈએ? આ બધું જ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના જીવનકાર્યમાંથી શીખવા મળે છે.

પ્રતિકૂળતામાં અનુકૂળતાનું દર્શન, સંતોનાં જીવનકાર્યો કેવાં હોવા જોઈએ એનું સંપૂર્ણ દર્શન પૂજ્યશ્રી યોગેશ્વરજીના જીવન દ્વારા સરળતાથી સમજાય તેવું છે.

સાધનાકાળ, તપશ્ચર્યાકાળ તેમજ સમગ્ર જીવનની સ્વાનુભૂતિનું વર્ણન આ ગ્રંથમાંથી વાંચીને ખરેખર અનેરી દુનિયામાં ડૂબી ગયાં હોઈએ એવું લાગે જ.

હે પ્રભુ ! તમારો સાધનાકાળ તો ખરેખર ખૂબ જ કઠોર અને અશક્ય જેવો જ લાગે. હે મા-પ્રભુ તમે પરમહિતકારી છો.

હે મા-પ્રભુ, આપનો ખૂબ ખૂબ આભાર કે અમને આવો દુર્લભ ગ્રંથ પ્રાપ્ત થયો ને તેને સરળતાથી અમે વાંચી, સમજી શક્યા. આ મહાગ્રંથને સમજીને અમે પણ શાંતિ મેળવી શકીએ છીએ.

**–શ્રી કીર્તન હળવદિયા**

## ॥ જગાડી દેનારું પારાયણ ॥

'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'નું પારાયણ અદ્ભુત, દિવ્યાતિદિવ્ય જીવનમાં સવિશેષ જગાડનારું બન્યું.

અમે પૂજ્ય 'મા'ના આદેશનું પાલન કરી શકીએ, પૂજ્ય માને ગમે તેવું જીવન જીવવાની શક્તિ આપજો. ખૂબ સાધના કરવાની શક્તિ આપજો.

સાધુપુરુષે બે વસ્તુને ખાસ સાચવવાની છે : જીભ અને ઉપસ્થ.

'વિચાર દ્વારા જેની શંકા દૂર થઇ છે ને જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે તે સાધકે શાંત, એકાંત સ્થાનમાં બેસીને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવો.

એક વ્યક્તિને બદલે ઈશ્વરને વફાદાર રહેવાનો મારો ધર્મ હતો.'

ખૂબ ખૂબ આભાર 'મા'. જય કૃપાળુ મા !

**–શ્રી ચંદ્રકાન્તભાઇ**

## ॥ જ્યાં પ્રભુ ત્યાં હું ॥

''અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'' શ્રી પ્રભુનું પારાયણ કરવા માટે મને પાત્ર ગણી મને ચાન્સ આપ્યો. હે મા, મારી એવી કોઈ પાત્રતા નથી મારામાં ઘણી બધી ત્રુટીઓ છે આ જાગૃતિને પણ વારે વારે જગાડવી પડે છે એનું મને ખૂબ દુઃખ છે પરંતુ પ્રભુને વારંવાર એક જ પ્રાર્થના કરું છું કે આ 'મન'ની લગામ પ્રભુ તમારા હાથમાં રાખજો. શક્તિ, ભક્તિ અને મુક્તિ આપજો. અને આપના શ્રીઅંકે ઠારજો.

ખૂબ જ સરસ રીતે શ્રી પ્રભુજીનું પારાયણ થયું. જાણે લાગતું હતું કે જ્યાં જ્યાં પ્રભુ જાય છે તેની જોડે હું પણ જાઉં છું. આંખ સામે દૃશ્યો બધા તાદૃશ થઇ જતાં હતાં. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટેનો કેટલો તલસાટ, કેટલી વ્યાકુળતા, હે મા, આપશ્રી પણ ખૂબ કષ્ટ સહન કરો છો, શા માટે? મા, મારી વિનંતી સાથે પ્રાર્થના છે કે હવે આ શરીરને કષ્ટ આપવાનું રહેવા દો. હે મા, આપને જોઇને પ્રસન્નતા તો થાય છે પરંતુ સાથેસાથે દુઃખ પણ એટલું જ થાય છે કે 'મા' કેટલું તપે છે!



હે મા, મારી કંઇ ભૂલ થતી હોય તો ક્ષમા કરશો પણ આ દીકરી તો 'મા'ને કહેવાની.

હે મા, ઉત્તરોતર અમારી પાત્રતા વધતી રહે અને અમે આવાં શુભ કાર્યોનાં સહભાગી બનીએ એવી અમારા ઉપર કૃપા કરશો. હે મા, મારું સર્વસ્વ આપ જ છો. આપના બાળક જાગૃતિના પ્રણામ પ્રણામ.

**–શ્રી જાગૃતિબેન**

## ॥ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતું જીવંત પ્રસારણ ॥

'મા' આપનો ખૂબ ખૂબ આભાર. આપે આ પારાયણ માટે અનુકૂળતા કરી આપી એ માટે. 'મા' સ્વર્ગારોહણ આવવાના વીઝા મળે એટલે ખૂબ હાશ થાય. સ્વર્ગારોહણ આવવાના વીઝા એટલે કોરોના ટેસ્ટ નેગેટીવ આવવો.

પારાયણનો અનુભવ તો 'મા' ખૂબ અદ્‌ભુત હતો. આ પવિત્ર, મંગલ પર્વ જાણે સતત જગાડી રહ્યું છે. કહી રહ્યું છે ધ્યેયસિદ્ધિ માટે સતત મથામણ કરો. જાગો ને નિયમોથી જીવનને સજાવો. પ્રભુના જીવનમાં નિયમિતતાનું દર્શન દરેક પ્રકરણમાં કર્યું. પ્રભુના જીવનમાં પ્રાર્થના, સ્વચ્છતા, સાદાઇ, સાધના, યોગાભ્યાસ, પ્રભુપ્રાપ્તિ માટેની લગન. અધધધ.... આવા ખૂબ સુંદર ધ્યેયથી પ્રભુ જાણે પ્રકાશના પંથે ફૂલોની ચાદર પાથરી રહ્યા છે. ને 'મા' મય જીવન, સમર્પિત જીવન જીવીને 'મા' જગદંબાને એ સુગંધિત પુષ્પની પથારી પર આવકારી રહ્યા છે. પ્રખર કસોટી સાથે અગવડતાભર્યુ જીવન છતાં ધ્યેયથી ન ડગવું. અદ્‌ભુત! પ્રભુ તો પોતે જ રામકૃષ્ણદેવના અવતાર છતાં

આટલી પ્રખર કસોટીમાં પ્રભુની સ્થિરતાનાં દર્શન પણ જગાવીને આખા હલાવી નાખે એવું છે.

પ્રભુની માતાજી પ્રત્યેની પ્રેમગંગા જાણે અસ્ખલિત રીતે વહી રહી છે. માતાજી પણ પ્રભુને સાધનાત્મક જીવનના ડગલેને પગલે પડખે ઊભાં રહી સતત પ્રભુને સહાયક બન્યાં ને અગવડતાભર્યા જીવનમાં પણ ખૂબ શાંત રહીને પ્રભુને આધ્યાત્મિક ઉન્નતિના શિખરે પહોંચાડવામાં મદદરૂપ બન્યાં.

પારાયણનો મૂળ આશય તો એ જ કે 'મા' અમે આ પારાયણ દ્વારા પ્રભુના જીવનની પ્રદક્ષિણા કરીને પગલે પગલે પ્રભુને સાથે રહેવા બોલાવવાના છે. પ્રભુ આપ આવો ને મારી આ અધવચ્ચે ફસાયેલી નાવને પાર ઊતારો.

'મા' હું જ્યારે પ્રકાશના પંથેનું પારાયણ કરતી ત્યારે ડાયરી બનાવીને પ્રભુના દરેક પાઠમાંથી શું શીખવા મળ્યું તે સારરૂપે નોંધતી. મારે ક્યારેક આખું ના વંચાય તો સાર વાંચીને પણ જીવનના દરેક પ્રવચનોનો જવાબ આપતું એ જીવંત પ્રસારણ છે. (લાઈવ ટેલીકાસ્ટ) પ્રભુની ખૂબ મોટી વિશેષતા મને ખૂબ ગમે પ્રભુના પ્રવચન હોય કે બુક્સ હોય કે પારાયણ હોય એવું જ લાગતું કે હમણાં જ પ્રભુએ પ્રસારિત કર્યું, એટલું બધું જીવંત એ ભાથું પામીને હું તો ધન્ય થઇ ગઇ ગુરુદેવ!

હે 'મા', જગદંબા સ્વરૂપ 'મા' સર્વેશ્વરી આપના ચરણોમાં પ્રાર્થના કે અમે તો ભૂલભરેલા બાળકો છીએ આપનાં. તો અમારાથી થતા અપરાધોને ક્ષમા કરજો ને જન્મોજન્મ સુધી આપ જ 'ગુરુ માત-પિતા સખા' બનીને આવજો ને સર્વ બંધનોમાંથી મુક્તિ આપજો. આપ જ સર્વત્ર. 'મા'નું સાન્નિધ્ય, સેવા, આશીર્વાદ ને કૃપા મળતી રહે એવી પ્રાર્થના ને 'પ્રભુનું શ્રેષ્ઠ બાળ' બનવા મથતી રહું એવા આશીર્વાદ આપજો.



આપનો વરદ હસ્ત હંમેશાં અમારા પર રાખજો ને આપની પાસે વારે વારે દોડીને આવી શકીએ એવી દયા કરજો.

**–શ્રી રિદ્ધિબેન**

## ॥ પ્રભુ સતત સાથે રહ્યા ॥

પારાયણપર્વ જાણે જીવનમાં જાગૃતતા લાવવા માટેનું પર્વ હોય એવો અનુભવ કર્યો. આ ગ્રંથનું વાચન તો ઘણીવાર કર્યું છે પરંતુ આ ત્રણ દિવસ અત્યંત શાંતિથી, પૂજ્યશ્રી'મા' ભગવતીના આશીર્વાદ સાથે કરવાનો આનંદ કાંઈ અનેરો જ રહ્યો.

પૂ.શ્રી પ્રભુ સતત આપણી વચ્ચે હોય, આપણી સાથે અને પાસે જ હોય એવું લાગ્યું.

હિમાલયની વાતો, દેવપ્રયાગનાં દર્શન, સરોડાની વિગતો, વિવિધ યાત્રાઓનાં વર્ણનો, માછલી અગિયારસને દિવસે અનાજ નથી ખાતી એ દેહુ ગામની નદીનાં દર્શન..જાણે આંખ સમક્ષ બધું જોતી હોઉં. એવું જીવંત નિરૂપણ પુસ્તકમાં અનુભવાયું.

વિશેષ તો પ્રભુનો 'મા' જગદંબા માટેનો પ્રેમ-તલસાટ, દર્શન ન થાય ત્યાં સુધી પાણી પણ ન ગ્રહવાનો સંકલ્પ ભારે અસરકારક જણાયો.

'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'નું પ્રત્યેક પ્રકરણ કંઈક ને કંઈક શીખવાડતું રહ્યું.

ખરેખર આ મહાગ્રંથ આપણને જગાડનારો છે. વારંવાર વાચન-મનન થાય એ માટે હે 'મા' ! અમને આશીર્વાદ આપજો.

**–શ્રી પ્રિયંકાબેન**